
### ધારાસભ્ય મહેશ કસવાલાની રજુઆત બાદ

# ભૈ વાહ : સાવરકુંડલા તાલુકામાં રૂપિયા ૫૯૫ લાખનાં ખર્ચે માર્ગો બનાવાશે

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો આભાર માનતા ધારાસભ્ય





સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના મત વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ગુજરાત સરકારમાં રજૂઆત કરી સાવરકુંડલા તાલુકાના ખડસલી, મેરિયાણા, મોટાભમોદ્રા , ઘોબા, કરજાળા, સીમરણ, સેંજળ ગામોમાં રસ્તાની સુવિધા મળી રહે તે માટે ગુજરાત સરકારમાંથી ૫.૯૫ કરોડની રકમની મંજુર કરવામાં આવી છે. આ વિકાસ કાર્યોથી ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગોની સુવિધામાં મોટો વધારો થશે. આ ગામોના નાગરિકોને નવીન અને સુવિધાયુકત રસ્તાઓની ભેટ મળશે.

કસવાલાએ જણાવ્યું હતું કે, આ વિકાસ કાર્યોથી ગ્રામ્ય વિસ્તારના લોકોને અવરજવરની સારી સુવિધા મળશે અને ખેડૂતોને પણ પોતાના પાકને બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે, જે ગ્રામ્ય અર્થતંત્રને વેગ આપશે.

આ ૭ ગામ ખડસલી એપોર્ચ રોડ ૧૫૦ લાખ, સેંજલ એપોર્ચથી આશ્રમ સુધી રોડ ૬૫ લાખ, મેરીયાણા ખડસલી રોડ ૫૦ લાખ, મોટા ભમોદ્રા સુવિધા પથ ૮૦ લાખ, ઘોબા સુવિધા પથ ૯૦ લાખ, કરજાળા સુવિધા પથ ૬૦ લાખ, સીમરણ સુવિધા પથ ૧૦૦ લાખ કુલ ૫૯૫ લાખના કામો મંજુર કરવા બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ જનહિતના કામોને તાત્કાલિક મંજૂરી આપવા બદલ ગુજરાત રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

# સાવરકુંડલા ખાતે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૭

સદ્‌ગૂરૂ કબીર સાહેબ સેવા ટસ્ટ સવાર કુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પ આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પની અંદર ઓ. પી. ડી.માં ૧૧૪ દર્દીઓએ લાભ લીધો હતો. અને તેમજ મોતિયાના ઓપરેશન માટે ૨૩ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પનું દિપ પ્રાગટય કબિર ટેકરી સાવરકુંડલાના મહંત નારણદાસ તથા ટ્રસ્ટીગણ તથા સામાજિક સેવા સંસ્થાન બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી, માધવ વ્યાસ જગદીશભાઈ જેઠવા જિતેનભાઈ હેલૈયા કબીર ટેકરીના સ્વયંમ સેવકો જોડાયા હતા વગેરે સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ચોથા ગુરૂવારે છેલ્લા ૧૮ વર્ષથી યોજાય છે.

### વન વિભાગે પૂનઃ મિલનની કામગીરી કરી

# લીલીયા મોટાનાં અંટાળીયામાં સિંહથી વિખુટા પડેલ સિંહબાળનું માતા સાથે મિલન

### સિંહપ્રેમીઓમાં ખૂશીનો માહોલ



લીલીયા, તા. ૨૭

લીલીયા વન્યજીવ રેંજના લીલીયા રાઉન્ડના લીલીયા બીટના અંટાળીયા ગામની સીમ વિસ્તારમાં મહેશભાઈ નટુભાઈ ડોબરીયાની માલિકી વાડી વિસ્તારમાં તા. ૨૫/૧૧/૨૦૨૫ ના રોજ સિંહણ માદાથી સિંહબાળ અલગ થયેલ છે. તેવા સમાચાર પ્રાપ્ત થતા જ વન વિભાગ હરકતમાં આવેલ અને સિંહના બચ્ચાની ઉંમર માત્ર બે માસની હોય જેથી સમય સૂચકતા વાપરી તુરંત સ્ટાફ બનાવ સ્થળે પહોંચી કુતરા તેમજ શિયાળ જેવા પ્રાણીઓ સિંહબાળને નુકસાન ન પહોંચાડે જે હેતુથી સિંહબાળને નાના પીંજરામાં રાખી બાદમાં તેની માતા ભેગું કરવા સ્ટાફ અને આરએફઓ બી.જી. ગલાણી દ્વારા તજવીજ હાથ ધરેલ હતી. સિંહણ સ્થળ ઉપર આવશે એવી આશા રાખીને વન વિભાગના કર્મચારીઓએ સિંહણની રાહ જોઈ હતી તથા આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. બાદમાં આખી રાત દરમિયાન સિંહણ ન મળતા અંતે સિંહબાળના હેલ્થને ધ્યાનમાં રાખી સવારે એનિમલ કેર સેન્ટર ખાતે મોકલવામાં આવેલ. બાદમાં આજરોજ તા. ૨૬/૧૧/૨૫ ના સાંજના સમયે સ્ટાફ દ્વારા સિંહ માદાનું અવલોકન કરી ગાગડીયા નદી વિસ્તારમાં સિંહણ માદાનું અવલોકન થતા સિંહણ સાથે સિંહબાળને ભેગું કરવામાં આવેલ છે.

### ધાર્મિકજનોમાં ઉત્સાહનો માહોલ

# ગઢીયા ગીરમાં નવનિયુકત દાનમહારાજની જગ્યામાં સંતવાણી, સહિતનાં કાર્યક્રમો યોજાશે

### ખ્યાતનામ કલાકારો સંતવાણીની રમઝટ બોલશે





ચલાલા, તા. ૨૭

સૌરાષ્ટ્રની જગવિખ્યાત દેહાણ દાનબાપુની જગ્યાના મંહત મહારાજ પૂજય વલકુ બાપુના આશીર્વાદ. અને પ્રસન્નતાથી ભજન ભોજન ભક્તિનો ત્રિવેણી સંગમ એવું દાનેવ ધામ ગઢીયા ગીરમાં પ્રાકૃતિક સૌદર્યમાં નવું આકાર પામી રહેલ અંશાઅવતાર દાન મહારાજની જગ્યામાં આવતીકાલ શુક્રવારના રાત્રે ૯ કલાકે ગઢીયા ગીરમાં ભવ્ય સંતવાણીનો કાર્યક્રમ સંતો મહંતો સેવક સમુદાય અને મહાનુભવોની ઉપસ્થિતિમાં ખ્યાત નામ કલાકારો દ્વારા આ વર્ષમાં લગલગાટ અવિરત બારમો સંતવાણીનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને ભજન ભોજનનો અમૂલ્ય લાભ લેવા ધર્મપ્રેમી જાહેર જનતાને શાંત સરળ,પરોપકારી, અને માયાળુ સ્વભાવના મહંત હર્ષદબાપુ ભગતે લાગણી સભર જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

આ વર્ષના લગલગાટ બારમાં સંતવાણીના કાર્યક્રમમાં ખ્યાતનામ ભજનીક અને લોકસાહિત્યકાર વિજયભાઈ ગઢવી, પ્રિતીબહેન વાંજાજાના બહેન ગઢવી, ધીરજબારોટ, ભરતભાઈ ખવડ, ધાર્મિક ગજ્જર,(સાંજીદાગ્રુપ) લાઈવ હનુમંત સ્ટુડિયો સહિતના નામી અનામી ખ્યાતનામ કલાકારો વિપુલ સાઉન્ડના સથવારે સંતવાણીની રમઝટ બોલાવશે. ગઢીયા ગીર તાલુકો ધારી જિલ્લો અમરેલીમાં પૂજય વલકુ બાપુના આશીર્વાદથી અંશાવતાર પૂજય દાન મહારાજની નવીજગ્યા આકાર લઈ રહી છે. ત્યાં એક પ્રેમાળ અને સરળ સ્વભાવ ધરાવતા સાત્વિક ઉત્સાહી મહંત હર્ષદબાપુ ભગત નવનિયુક્ત દાનમહારાજની જગ્યામાં અવિરત પણે ભજન ભોજન કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો ચાલુ રાખ્યા છે.

તો આ નવનિયુક્ત આકાર પામી રહેલ દાન મહારાજની જગ્યામાં મહંત મહારાજ હર્ષદબાપુ ભગતના સાનિધ્યમાં ભક્તિ, ભજન, ભોજન, નો ત્રિવેણી સંગમની સાથે ધર્મની ધજા ફરકી રહી છે, બંને ટાઈમ હરિહરના હાદ પડી રહ્યા છે. ગૌમાતાની સેવાઓ થઈ રહી છે. મૂંગા પશુ પક્ષીને ચણ નખાય રહી છે. બંને ટાઈમ ઝાલરૂ વાગી રહી છે. સનાતન ધર્મનો જયઘોષ થઈ રહ્યો છે. આ બધી સેવાઓની સાથે સાવજો તરસ છીપાવવા જગ્યાની આજુબાજુ આટા ફેરા લગાવી રહ્યા છે. આવી વન પ્રાકૃતિક મનોહર વાતાવરણમાં ગઢીયા ગીર દાનેવ આશ્રમમાં પૂજય દાન મહારાજ સહિતના દેવોના બેસણા છે. તેને વંદન કરવા એકવાર ચોક્કસ જવા જેવું ધાર્મિક સ્થળ છે.

# વૃક્ષનું જતન પ્રકૃતિનું રક્ષણ, જીવનનો આધાર



અમરેલી, તા. ૨૭

‘‘વૃક્ષો છે તો વૃષ્ટિ છે, વૃષ્ટિ છે તો સૃષ્ટિ છે’’ આ કહેવત વૃક્ષોના મહત્વને સચોટ રીતે દર્શાવે છે. વૃક્ષો પૃથ્વી પરના જીવમાત્રના જીવનનો આધાર છે. તેઓ માત્ર પ્રકૃતિનો એક ભાગ નથી, પરંતુ શુદ્ધ હવા, પાણી અને તંદુરસ્ત પર્યાવરણના નિર્માણમાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. આજના ઝડપી વિકાસના યુગમાં વૃક્ષોનું જતન કરવું એ માત્ર પર્યાવરણીય જવાબદારી નથી, પરંતુ માનવજાતના અસ્તિત્વ માટે અનિવાર્ય કર્તવ્ય છે. વૃક્ષો ધરતી પરના જીવન માટે અસંખ્ય ફાયદાઓ પૂરા પાડે છે, જે નીચે મુજબ છે. વૃક્ષો પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દ્વારા કાર્બન ડાયોક્સાઈડ શોષીને ઓક્સિજન મુકત કરે છે. આ ઓક્સિજન જ ાસ લેવા માટેનો અનિવાર્ય વાયુ છે, જેના વિના કોઈ પણ જીવનું અસ્તિત્વ શક્ય નથી.

વૃક્ષો વાતાવરણમાં ભેજનું પ્રમાણ જાળવી રાખે છે અને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. ઘટાદાર જંગલો ધરાવતા વિસ્તારોમાં વધુ વરસાદ પડે છે, જયારે વૃક્ષો કપાઈ જવાથી રણપ્રદેશોનું નિર્માણ થાય છે. વૃક્ષોના મૂળ જમીનને જકડી રાખે છે, જેનાથી પૂર અને ભારે વરસાદ દરમિયાન જમીનનું ધોવાણ અટકે છે. આનાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે. તેઓ શહેરી વિસ્તારોમાં તાપમાન ઘટાડીને ‘અર્બન હીટ આઈલેન્ડ’ અસરને પણ નિયંત્રિત કરે છે. જંગલો અસંખ્ય વન્યજીવો, પક્ષીઓ અને જંતુઓ માટે આશ્રયસ્થાન પૂરા પાડે છે. વૃક્ષો કપાઈ જવાથી અનેક પ્રજાતિઓ લુપ્ત થવાના આરે આવી જાય છે. વૃક્ષો આપણને લાકડું, ફળો, ઔષધિઓ, રબર અને અન્ય વન્ય પેદાશો પૂરી પાડે છે, જે માનવીય જીવનમાં ખૂબ ઉપયોગી છે. વૃક્ષો પ્રકૃતિનું સૌંદર્ય વધારે છે અને લોકોને શાંતિ તથા આનંદની અનુભૂતિ કરાવે છે.

– **મિત્તલ ખેતાણી**
**(રાજકોટ, મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# લીલીયા માર્કેટયાર્ડમાં સી.સી.આઈ. દ્વારા કપાસ ખરીદીનો શુભારંભ



લીલીયા મોટા, તા. ૨૭

લીલીયા મોટા આજરોજ સી.સી.આઈ. દ્વારા ટેકાના ભાવથી કપાસની ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો. તેથી ખેડૂતોને અનુરોધ કરવામાં આવે છે કે પોતાનો સ્લોટ બુકિંગ કરીને સી.સી.આઈ. ના ધારાધોરણ મુજબનો કપાસ રામકૃષ્ણ કોટન ઈન્ડસ્ટ્રીઝ (કપાસ ખરીદી કેન્દ્ર) સલડી મુકામે લય જયને આપી શકશે. જે ખેડૂતોનો કપાસ સી.સી.આઈ. ના ધારાધોરણ મુજબનો હોય અને ટેકાના ભાવે સી.સી.આઈમાં વેચાણ કરવો હોય અને રજીસ્ટ્રેશન બાકી હોય તો પણ કપાસ ખરીદી કેન્દ્રનો સંપર્ક કરીને ટેકાના ભાવથી કપાસ આપી શકે છે. વધુ વિગતો માટે નજીકના કપાસ ખરીદી કેન્દ્ર/એપીએમસી (APMC)નો સંપર્ક કરવા જણાવાયું છે.

‘‘કપાસ કિસાન’’ એપ્લિકેશનના માધ્યમથી આધાર આધારિત સ્વ–પંજીકરણ કરીને કપાસ મેસમ વર્ષ ૨૦૨૫–૨૬ માં ટેકાના ભાવ (MSP) યોજના હેઠળ કપાસની વેચાણ પ્રક્રિયા માટે સુવિધા સ્વ–પંજીકરણ ૩૧મી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ખુલ્લુ રહેશે.

કપાસની ખેતી કરતા તમામ ખેડૂતોએ પોતાનું આધાર આધારિત OTP પંજીકરણ સમયસર પુર્ણ કરે જેથી ૨૦૨૫–૨૬ના કપાસ મેસમ વર્ષ માટે ટેકાના ભાવ (MSP) સુવિધાનો લાભ લઈ શકાય. વધુ વિગતો માટે નજીકના કપાસ ખરીદી કેન્દ્ર/એપીએમસી (APMC)નો સંપર્ક કરવા જણાવાયું છે. કપાસની ખેતી કરતા તમામ ખેડૂતોના હિતમાં જારી.

### સમગ્ર પંથકનાં મતદારો માટે

# લાઠી, બાબરા અને દામનગર ખાતે મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ યોજાશે

### મતદારોને લાભ લેવા અનુરોધ થયો

અમરેલી, તા. ૨૭

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા હાલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત મામલતદાર કચેરી લાઠી–બાબરા અને એમ.સી. હાઈસ્કુલ દામનગર ખાતે તા. ૨૯/૧૧/૨૫ બપોરે ૧૨:૦૦ કલાકથી સાંજના ૫ કલાક સુધી તા. ૩૦/૧૧/૨૫ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજના ૫ સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ખાસ કેમ્પમાં મામલતદાર કચેરી બાબરા ખાતે બાબરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારના મતદારો ગણતરી ફોર્મના ડોક્યુમેન્ટ આપી શકશે. મામલતદાર કચેરી લાઠી ખાતે લાઠી શહેર, લાઠી ગ્રામ્યના શેખપીપરીયા, કેરીયા, નાના રાજકોટ, વીરપુર, કરકોલીયા, રામપર, મેથળી, ભુરખીયા, તાજપર, હદીથરા, માળવીયા, પીપરીયા, મતિરાળા, દૂધાળાબાઈ, અડતાળા, હરસુરપુર, જરખીયા, હિરાણા, ચાવંડ, દેરડી જાનબાઈ, પીપળ વા, ભીંગરાડ, પ્રતાપગઢ, આસોદર, ઈંગોરાળા, આંબરડી, નારાયણગઢ, નારણગઢ, મેમદા, કાંચરડી, અકાળા, લુવારીયા, દુધાળા લાઠી, ટોડા, કેરાળા, કૃષ્ણગઢના મતદારો ભાગ લઈ શકશે.

એમ.સી. હાઈસ્કુલ દામનગર ખાતે દામનગર શહેર તથા છભાડીયા, ધ્રુફણિયા, ઠાંસા, મુળીયા પાટ, સુવાગઢ, હાવતડ, પાડરશીંગા, શાખપુર, હજીરાધાર, ભટ્ટવદર, ધામેલ, ધામેલપરા, ભાલવાવ, રાભડાના મતદારો ભાગ લઈ શકશે. આ કેમ્પનો લાભ લેવા બાબરા–લાઠી અને દામનગરના મતદારહોને મતદાર નોંધણી અધિકારી ૯૬–લાઠી વિભાધાનસભા અને પ્રાંત અધિકારી લાઠીએ એક યાદીમાં જણાવ્યું છે.

### આવતીકાલથી સતત બે દિવસ સુધી

# અમરેલી મામલતદાર કચેરી અને નુતન હાઈસ્કુલ ખાતે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ

### તમામ મતદારોને લાભ લેવા અનુરોધ

અમરેલી, તા. ૨૭

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા હાલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજયની સૂચના અન્વયે અને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, અમરેલીના માર્ગદર્શન તળે અમરેલી શહેરમાં ‘ કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય, ચિતલ રોડ, અમરેલી’ ખાતે તા. ૨૯/૧૧/૨૦૨૫ બપોરે ૧૨ કલાકથી સાંજના ૫ કલાક. સુધી તા. ૩૦/૧૧/૨૦૨૫ બપોરે ૧ કલાકથી સાંજના ૫ કલાક સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તથા ગ્રામ્ય વિસ્તારના મતદારો માટે મામલતદાર કચેરી, અમરેલી ખાતે મતદારયાદી શાખા, રૂમ નં.૪, ગ્રાઉન્ડ ફલોર ખાતે જરૂરી માર્ગદર્શન આપવા અંગે કામગીરી કરવામાં આવનાર છે.

આ ખાસ કેમ્પમાં અમરેલી તાલુકાના તમામ મતદારો જોગ જણાવવાનું કે, મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અન્વયે બાકી રહેતા મતદારો જેઓને ગણતરી ફોર્મ મળ્યુ હોય, અથવા ગણતરી ફોર્મ પરત આપવાનું બાકી હોય તેવા મતદારોને ગણતરી ફોર્મ(EF) ભરવા, સને ૨૦૦૨ની મતદારયાદીમાંથી પોતાનું કે માતા– પિતા–દાદા–દાદીનું નામ શોધવા અને ભરેલા ગણતરી ફોર્મ સ્વીકારવા અંગે કામગીરી કરવામાં આવશે.

જેથી તમામ મતદારોએ આ કેમ્પનો લાભ લેવા મતદાર ઓળ ખપત્ર(ચૂંટણીકાર્ડ નકલ) સાથે રૂબરૂ હાજર રહેવા મતદાર નોંધણી અધિકારી અને પ્રાંત અધિકારી, અમરેલી તથા મામલતદાર અમરેલી (ગ્રામ્ય) અને મામલતદાર, અમરેલી (શહેર) દ્વારા અનુરોધ કરાવ્યો છે.

# રવિ સિઝનની શરૂઆત થઈ ગઈ પણ ખેડૂતોને નુકસાનીનો ૧ રૂપિયો પણ વળતર નથી મળ્યું : અમિત ચાવડા










આજરોજ જન આક્રોશ યાત્રાના સાતમા દિવસની શરૂઆત મોડાસા શહેરની સહયોગ ચોકડીથી કરવામાં આવી. ત્યારબાદ યાત્રા રામપાર્ક, ચાકરિયા–ઝાલોદ માર્ગ, માલપુર, ઉભરણ, અણ્યોર ચોકડી, બગત, સાઠંબા, બાયડ, તેનપુર અને દહેગામ માર્ગે મોટા ચિલોડા તરફ આગળ વધી. માર્ગમાં સ્થાનિક નાગરિકો, મહિલાઓ, યુવાનો અને ખેડૂતો દ્વારા યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે આ વિસ્તાર વર્ષોથી સરકારની બેદરકારીનો ભોગ બની રહ્યો છે. રસ્તાઓ તૂટી ગયેલા છે, પીવાના પાણીની ગંભીર સમસ્યા છે, જયારે ગટર અને ડ્રેનેજની કામગીરી વર્ષોથી અધૂરી છે. ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળતું નથી, વીજ પુરવઠો અસ્થિર છે અને ગ્રાઉન્ડ વોટર લેવલ ઘટતા ખેતી મુશ્કેલ બની ગઈ છે. સરકારની નિષ્ફળતાનો સૌથી મોટો ઝટકો આજે ખેડૂત વર્ગને ખાતરની તંગી અને કાળાબજારીના રૂપમાં લાગી રહ્યો છે. ખાતર ગોડાઉનમાં જથ્થાબંધ રાખીને બહારના રાજયોમાં વેચાય છે, જયારે અરવલ્લીના ખેડૂતને પોતાના ખેતર માટે ખાતર સુધી મળતું નથી. ખેડૂતને લૂંટવાના આ ગંદા કારોબારમાં ભાજપના મંત્રીઓ અને તેમના મળતીયાઓ જ સંડોવાયેલા છે. વધુમાં સરકારી ભરતી પરીક્ષાઓમાં પેપરો વારંવાર ફૂટે છે, જેના કારણે યુવાઓને નોકરી મળતી નથી. મળે તો ફિક્સપે અને આઉટસોર્સિંગના નામે ખુલ્લેઆમ શોષણ થાય છે. આદિવાસી સમાજના યુવાનોને સ્કોલરશીપ મળતી નથી, જાતિના દાખલા માટે દરદર ભટકવું પડે છે. રોજગારી માટે કોઈ વ્યવસ્થા નથી અને સ્થાનિક રોજગાર મળે તે માટે કોઈ જીઆઈડીસી પણ નથી. માત્ર ૭ દિવસની જન આક્રોશ યાત્રાએ જ સરકારની ઊંઘ હરામ કરી દીધી છે. યાત્રા આગળ વધતી જાય તેટલું સરકાર અને તેમના મળતીયા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરતા જાય છે, કારણ કે હવે જનતા સીધી રસ્તા પર આવી ગઈ છે. યાત્રામાં ફિક્સપે આઉટસોર્સિંગ નાબૂદ કરવાની માંગ ઉઠતાં સરકારે લોલીપોપ રૂપ રાહતની જાહેરાત કરી છે, પરંતુ કોંગ્રેસની સરકાર આવશે તો ફિક્સપે–કોન્ટ્રાક્ટ અને આઉટ સોર્સિંગની આ દુષ્પ્રથા સંપૂર્ણપણે સમાપ્ત કરવામાં આવશે જનતામાં ભારે આક્રોશ છે સરકાર નહિ સુધરે તો ગાંધીનગરમાં બેઠેલા હપ્તાખોરોને લોકો પકડીને ઘર ભેગા કરશે. આ પ્રસંગે એઆઈસીસી સેક્રેટરી અને પૂર્વ ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા, દાંતાના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી, પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલ, એસ.ટી. વિભાગના ચેરમેન રાજુભાઈ પારઘી સહિત વરિષ્ઠ આગેવાનો અને સ્થાનિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

### કોંગ્રેસ નેતાના નિવેદનથી ખળભળાટ

# હું પણ CM બનવાની રેસમાં છું, પણ શિવકુમારને બનાવો તો પણ સ્વીકાર્ય

## ગૃહમંત્રી જી. પરમેશ્વરનું આ નિવેદન સિદ્ધારમૈયાની છાવણી તરફથી આવતા સંકેતોમાં સૌથી મજબૂત માનવામાં આવી રહ્યું છે

બેંગલુરુ, તા.૨૭

કર્ણાટક કોંગ્રેસમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર વચ્ચેના કથિત સત્તા-વહેંચણી કરારને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે રાજ્યના ગૃહમંત્રી જી. પરમેશ્વરે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, હું પણ CM બનવાની રેસમાં છું. જો કોંગ્રેસ હાઈકમાન્ડ ડી.કે. શિવકુમારને મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લેશે, તો તેમને તે સંપૂર્ણપણે સ્વીકાર્ય હશે.

ગૃહમંત્રી જી. પરમેશ્વરનું આ નિવેદન સિદ્ધારમૈયાની છાવણી તરફથી આવતા સંકેતોમાં સૌથી મજબૂત માનવામાં આવી રહ્યું છે, કારણ કે તે સત્તા પરિવર્તનની શક્યતાનો સ્વીકાર કરે છે. પત્રકારો સાથે વાત કરતા જી. પરમેશ્વરે કહ્યું, જ્યારે મને મુખ્યમંત્રી પદ માટેની મારી આકાંક્ષાઓ વિશે પૂછવામાં આવે છે, ત્યારે હું કહું છું કે હું રેસમાં છું.


તેમણે ઉમેર્યું કે, જો પાર્ટી હાઈકમાન્ડ ટ્રાન્ઝિશન (સત્તા પરિવર્તન)ને મંજૂરી આપે અને ડીકે શિવકુમાર મુખ્યમંત્રી બને, તો અમે તેને સ્વીકારીશું. જો પક્ષ દ્વારા સંક્રમણને મંજૂરી આપવામાં આવે, તો તે સરળ અને શાંતિપૂર્ણ રહેશે. આ ઉપરાંત તેમણે સ્પષ્ટતા કરી કે આ સમગ્ર મામલે અંતિમ નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડનો જ રહેશે. મુખ્યમંત્રી પદને લઈને કર્ણાટકમાં અટકળો ચરમસીમાએ પહોંચી ગઈ છે, કારણ કે સિદ્ધારમૈયાએ તેમના અઢી વર્ષ પૂરા કરી લીધા છે. અગાઉ નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે પણ એક નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે, શબ્દોની શક્તિ એ દુનિયાની સૌથી મોટી શક્તિ છે, અને વચનો પાળવા એ સૌથી મોટી શક્તિ છે. આ નિવેદનને અઢી વર્ષના સત્તા-વહેંચણી કરારનું પાલન કરવાની અને સત્તા પરિવર્તનની માંગણીઓના સંકેત તરીકે જોવામાં આવ્યું હતું.

કર્ણાટકમાં સત્તાના નેતૃત્વ પરિવર્તનના મુદ્દે હવે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું નિવેદન પણ આવ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષે સ્પષ્ટતા કરી કે, અમે બધા સંબંધિત નેતાઓને બોલાવીને ચર્ચા કરીશું, જેમાં રાહુલ ગાંધી પણ હાજર રહેશે. બધા સાથે ચર્ચા કર્યા બાદ જ અંતિમ નિર્ણય લેવાશે. હું એકલો નથી, અમે એક ટીમ તરીકે કામ કરીએ છીએ. હાઈકમાન્ડની ટીમ સર્વસંમતિથી નિર્ણય લેશે.

### પશ્ચિમ બંગાળની તૈયારીઓમાં લાગ્યો ભાજપ

# બિહારમાં પ્રચંડ જીત બાદ હવે બંગાળનો વારો! ભાજપનો નવો નારો જહાં કમ વહાં હમ

## બિહારમાં પ્રચંડ જીત બાદ હવે ભાજપની નજર પશ્ચિમ બંગાળ પર છે અને તેના માટે રણનીતિ તૈયાર થઈ રહી છે



અમિત શાહે ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડાના ઘરે થયેલી બેઠકમાં પાર્ટીના નેતાઓને એક મોટો સંદેશ આપ્યો છે

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ભાજપના ચાણક્ય તરીકે ઓળખાય છે. તેની પાછળ તેમની રાજનીતિક સમજ અને કૂટનીતિ છે. તેઓ પોતાની રાજનીતિક સમજથી સતત પાર્ટીને વધુ આગળ લઈ જઈ રહ્યા છે. બિહારમાં હાલમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં બંપર જીત બાદ હવે ભાજપની નજર પશ્ચિમ બંગાળ પર છે.

બંગાળમાં પણ મોટું પરિવર્તન કરવા માટે પાર્ટી દિવસ રાત મહેનત કરી રહી છે. પાર્ટીના ચાણક્ય અને બંગાળ કેવી રીતે ફતેહ કરવું તેનો મૂળ મંત્ર પણ આપ્યો છે. જાણો તેમણે શું કહ્યું.

ભાજપ અધ્યક્ષ નડ્ડાના ઘરે ડિનર પાર્ટી આમ તો એક બહાનું હતું પરંતુ તેનો અસલ હેતુ કઈક બીજો હતો. આ હેતુ હતો બંગાળ પર ચૂંટણી રણનીતિ ઘડવી. મીડિયા રિપોર્ટ મુજબ શાહે બેઠકમાં કહ્યું કે બિહારની ચૂંટણીમાં એનડીએની જીત એ સમગ્ર ભારતની જીત છે. બિહારની જીત ઘૂસણખોરોને દેશમાંથી બહાર કરવાના દરેક ભારતીયના સંકલ્પની જીત છે. પીએમ મોદીના નેતૃત્વમાં આ જનતાનો અતૂટ પ્રેમ અને વિશ્વાસ છે. બિહારની જીતમાં એનડીએની ૫ પાર્ટીઓએ પાંડવોની જેમ ચૂંટણી લડી અને બિહારવાળાએ પીએમ મોદી અને નીતિશકુમારની જોડીને દિલ ખોલીને સમર્થન આપ્યું. આ સિવાય તેમણે એમ પણ કહ્યું કે તમામ નેતાઓએ પરિશ્રમની પરાકાષ્ઠા કરી, ચૂંટણીમાં ૧ ટકાનું યોગદાન પણ મોટું હોય છે પંરતુ કોઈ નેતા એ ન સમજે કે આ જીત તેના કારણે મળી છે. કારણ કે તેનાથી ઘમંડ આવે છે.

તમારી જવાબદારી ચૂંટણી લડવાની નહીં પરંતુ જહાં કમ વહાં હમની ભૂમિકામાં હતી. આગળ બંગાળની લડાઈ છે અને આ લડાઈ માટે આપણે બધાએ તૈયાર રહેવાનું છે. બંગાળમાં પાર્ટી કઈ રીતે મજબૂત થાય તેના પર બધાએ ધ્યાન આપવું જોઈએ. તમે બધા હંમેશા કાર્યકર મોડમાં રહો કારણ કે ગમે ત્યારે ડ્યૂટી લગાવવામાં આવી શકે છે. ગૃહમંત્રી શાહના આ શબ્દો ફક્ત શબ્દો નહીં પરંતુ પાર્ટી માટે મૂળ મંત્ર સમાન છે.

જહાં કમ વહાં હમ મૂળ મંત્ર સાથે ભાજપ હવે બંગાળની તૈયારીઓમાં લાગ્યો છે. પશ્ચિમ બંગાળમાં હાલ તૃણમૂલ કોંગ્રેસની સરકાર છે અને મમતા બેનર્જી મુખ્યમંત્રી છે. વર્ષ ૨૦૧૧થી મમતા બેનર્જી સતત મુખ્યમંત્રી છે. પશ્ચિમ બંગાળમાં ટીએમસીના કિલ્લામાં ગાબડું પાડવાનો સતત ભાજપનો પ્રયત્ન રહ્યો છે. પરંતુ આશા મુજબ પાર્ટીને સીટો મળી નથી. જો કે વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને ૧૨ સીટો મળી હતી જેનાથી પાર્ટીનો ઉત્સાહ વધ્યો છે. આવામાં બિહાર ચૂંટણીમાં મળેલી જીતે પાર્ટીનો જુસ્સો ખુબ વધાર્યો છે.

### અમદાવાદમાં રેલવે સ્ટેશને

# વેઈટિંગ રુમમાં રોકાવા કલાકના ૨૦ રૂપિયા ભાડું વસૂલાશે

## અમદાવાદ રેલવે સ્ટેશન પર ૪૨૪૦ ચોરસ ફૂટમાં બનાવવામાં આવેલા આ વેઈટિંગ રૂમની ક્ષમતા ૨૫૦ મુસાફરોની છે

અમદાવાદ, તા.૨૭

ધીમે ધીમે સરકાર દ્વારા બધા ક્ષેત્રોનું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે અમદાવાદ રેલવે સ્ટેશનના એસી વેઈટિંગ રૂમમાં રોકાવા માટે પણ હવે લોકોએ ચાર્જ ચૂકવવો પડશે. અત્યાર સુધી એસી કોચની ટિકિટ હોય તેવા મુસાફરોને એસી વેઈટિંગ રૂમની સુવિધા વિનામૂલ્યે મળતી હતી.અમદાવાદ રેલવે સ્ટેશનના નવા એસી વેઈટિંગ રૂમનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. રેલવે તંત્રના જણાવ્યા અનુસાર આ વેઈટિંગ રૂમમાં રોકાવા માટે પુખ્ત વયની વ્યક્તિ પાસેથી પ્રતિકલાક રૂ.૨૦ અને પથી ૧૨ વર્ષની ઉંમરના બાળકો માટે પ્રતિકલાક રૂ.૧૦ ચાર્જ લેવામાં આવશે. એટલે કે નવી સુવિધાના નામે મુસાફરો પર ભારણ નાંખવામાં આવ્યું છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર ૪૨૪૦ ચોરસ ફૂટમાં બનાવવામાં આવેલા આ વેઈટિંગ રૂમની ક્ષમતા ૨૫૦ મુસાફરોની છે. અહીં ટૂંક સમયમાં ટ્રાવેલ કિયોસ્ક શરૂ કરવામાં આવશે. જેના દ્વારા મુસાફરો અમદાવાદથી અન્ય સ્થળો પર જવાની ટિકિટ બૂક કરી શકશે. અત્રે ઉલ્લેખનિય છે કે, આ વેઈટિંગરૂમનું સંચાલન રેલવે તંત્ર દ્વારા એજન્સીને સોંપી દેવામાં આવ્યું છે. જેના પાંચ વર્ષના ભાડા પેટે રૂ.૫.૫૦ કરોડની રકમ એજન્સી દ્વારા રેલવે તંત્રને ચૂકવવામાં આવશે. અત્યાર સુધી રેલવે તંત્રને વેઈટિંગ રૂમના સંચાલનમાં ખર્ચ કરવો પડતો હતો, જે હવે કરવો પડશે નહીં. ઉલટાનું કરોડો રૂપિયાની કમાણી થશે!

### BCCI ને IPL ટીમના માલિકનો કડક સંદેશ

# સાઉથ આફ્રિકા સામેની હાર બાદ પાર્થ જિંદાલ લાલઘૂમ

## પાર્થ જિંદાલે X પર લખ્યું કે આ હાર ભારતને ટેસ્ટ ક્રિકેટ માટે નિષ્ણાત રેડ-બોલ કોચની જરૂરિયાત દર્શાવે છે

નવી દિલ્હી, તા.૨૭

દક્ષિણ આફ્રિકા સામે ભારતીય ક્રિકેટ ટીમની ૦-૨ ટેસ્ટ શ્રેણીની હારથી દેશવ્યાપી ચર્ચા શરૂ થઈ ગઈ છે. ગુવાહાટીના બારસાપારા સ્ટેડિયમમાં ૪૦૮ રનથી થયેલા શરમજનક પરાજય બાદ, હવે ટીમના સપોર્ટ સ્ટાફ અને પસંદગી નીતિ પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આ દરમિયાન, દિલ્હી કેપિટલ્સના સહ-માલિક પાર્થ જિંદાલે સોશિયલ મીડિયા પર BCCI ને સીધો સંદેશ મોકલ્યો, જેમાં ટીમની તૈયારીઓ અંગે કડક ટિપ્પણીઓ કરી. પાર્થ જિંદાલે X પર લખ્યું કે આ હાર ભારતને ટેસ્ટ ક્રિકેટ માટે નિષ્ણાત રેડ-બોલ કોચની જરૂરિયાત દર્શાવે છે. તેમણે કહ્યું, "ઘરે આવી હાર... મને યાદ નથી કે મેં છેલ્લી વાર આવી નબળાઈ ક્યારે જોઈ હતી. જ્યારે આપણે રેડ-બોલ નિષ્ણાતને તક આપતા નથી ત્યારે આવું થાય છે. ટેસ્ટ ફોર્મેટમાં ટીમની સાચી તાકાત ખૂટે છે. ભારતે તાત્કાલિક ટેસ્ટ ક્રિકેટ માટે અલગ કોચની નિમણૂક કરવી જોઈએ." જિંદાલની ટિપ્પણીઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે IPL ફ્રેન્ચાઈઝ માલિકો પણ વર્તમાન કોચિંગ સેટઅપ વિશે ચિંતિત છે.

હાર પછીની પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કોઈ એક ખેલાડી પર આંગળી ચીંધી ન હતી. જોકે, તેમના શબ્દો પરથી સ્પષ્ટ થઈ ગયું હતું કે તેઓ કેપ્ટન ઋષભ પંતના "ગેલેરીને ખુશ કરતા શોટ"થી ખૂબ જ નારાજ હતો. ભારતે ૯૫/૧ પર સારી શરૂઆત કરી હતી, પરંતુ માર્કો જેન્સનના શાનદાર સ્પેલને કારણે સ્કોર ૧૨૨/૭ પર આવી ગયો. પંતે બિનજરૂરી આક્રમક શોટ રમીને પોતાની વિકેટ પણ ગુમાવી દીધી, જેનાથી મેચ સંપૂર્ણપણે દક્ષિણ આફ્રિકાના પક્ષમાં ગઈ.

ગંભીરે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, "આપણે એક શોટ માટે કોઈપણ ખેલાડીને દોષી ઠેરવી શકીએ નહીં. દરેક ખેલાડીની જવાબદારી હોય છે. આપણે રેડ-બોલ ક્રિકેટમાં નોંધપાત્ર સુધારો કરવાની જરૂર છે - પછી ભલે તે માનસિક, ટેકનિકલી હોય કે ટીમ માટે બલિદાનની દ્રષ્ટિએ. સૌથી મહત્વની બાબત એ છે કે ગેલેરી માટે ન રમવું."

એક વર્ષમાં ઘરઆંગણે બીજી ટેસ્ટ શ્રેણીની હારથી ભારતની તાકાત પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ગયા વર્ષે ન્યુઝીલેન્ડે ટીમ ઈન્ડિયાને ૩-૦ થી હરાવ્યું હતું, અને હવે દક્ષિણ આફ્રિકાએ પણ ક્લીન સ્વીપ હાંસલ કરી લીધી છે. આનાથી ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું ભારતે હવે ટેસ્ટ ક્રિકેટ માટે અલગ કોચિંગ અને પસંદગી પ્રણાલી અપનાવવી જોઈએ.

### અમિત ચાવડાના સરકાર પર આકરા પ્રહાર

# ખેડૂતોને ૩૫૦૦ રૂપિયાનું પડીકું અને શિબિર પર લાખોનો ખર્ચ

## ચિંતન શિબિરના નામે નાટક થાય છે, એક એક થાળીની કિંમત ત્રણ હજાર, એક એક વ્યક્તિ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ



અમદાવાદ, તા.૨૭

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ તાજેતરમાં યોજાયેલી ચિંતન શિબિરના મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ચાવડાએ સરકારની આ શિબિરને નાટક ગણાવીને તેના ખર્ચ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે અને સરકારને ખેડૂતોની ચિંતા કરવા માટે અપીલ કરી છે.

અમિત ચાવડાએ પોતાના નિવેદનમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, સરકાર દ્વારા યોજાતી આ ચિંતન શિબિરના નામે માત્ર નાટક થાય છે. તેમણે શિબિરના ખર્ચ અંગે ચોંકાવનારા આંકડાઓ રજૂ કરતાં જણાવ્યું હતું કે, એક-એક થાળીની કિંમત ત્રણ-ત્રણ હજાર રૂપિયા છે. આ શિબિરમાં એક-એક વ્યક્તિ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. ચાવડાએ આ પ્રચંડ ખર્ચ સામે ખેડૂતોની સ્થિતિનો તફાવત રજૂ કર્યો, જેનાથી સરકારની પ્રાથમિકતાઓ પર સીધો સવાલ ઉઠે છે. કોંગ્રેસ પ્રમુખે ખેડૂતોને અપાતી સહાયની અપૂરતી રકમ સામે ચિંતન શિબિરના ખર્ચને જોડીને સરકારને ઘેરી છે. તેમણે જણાવ્યું હતું કે, એક તરફ, સરકાર ખેડૂતોને તેમના પાકના નુકસાન સામે અથવા અન્ય જરૂરિયાતો માટે માત્ર ૩૫૦૦ રૂપિયાનું પડીકું આપે છે.

જ્યારે બીજી તરફ, ચિંતન શિબિરના નામે એક વ્યક્તિ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે." આ વિરોધાભાસ દર્શાવે છે કે સરકાર સામાન્ય માણસ અને ખાસ કરીને ખેડૂતોની સમસ્યાઓ પ્રત્યે કેટલી ગંભીર છે. અમિત ચાવડાએ અંતે સરકારને સ્પષ્ટ શબ્દોમાં સલાહ આપી કે સરકારે એ.સી. રૂમમાં બેસીને માત્ર ખર્ચાળ ચિંતન શિબિરો યોજવાના બદલે, વાસ્તવિક ચિંતન માટે સીધું ખેડૂતો પાસે જવું જોઈએ. તેમણે માંગ કરી કે સરકારે ખેડૂતોના પ્રશ્નોને ગંભીરતાથી લેવા જોઈએ અને તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે નક્કર પગલાં ભરવા જોઈએ. આ નિવેદન સાથે અમિત ચાવડાએ સરકારની કામગીરી અને ખર્ચની નીતિઓ પર જોરદાર પ્રહાર કર્યો છે, જેનાથી રાજ્યના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

### કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું નિવેદન

# અમે બધા સંબંધિત નેતાઓને બોલાવીને ચર્ચા-વિચારણા કરીશું

## કર્ણાટકમાં મુખ્યમંત્રી પદને લઈને બેંગલુરુથી દિલ્હી સુધી જે રાજકીય ગરમાગરમી હાલમાં ચાલી રહી છે

બેંગલુરુ, તા.૨૭

કર્ણાટકમાં સત્તા પરિવર્તનની માંગ જોર પકડી ચૂકી છે. ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના જૂથે અઢી-અઢી વર્ષના ફોર્મ્યુલા સાથે બેંગલુરુથી દિલ્હી સુધી મોરચો ખોલી દીધો છે. આ જૂથના નેતાઓ અને ધારાસભ્યો દિલ્હીમાં ધામા નાખીને કોંગ્રેસ નેતૃત્વ પર નિર્ણય લેવા દબાણ વધારી રહ્યા છે. બીજી તરફ સીએમ સિદ્ધારમૈયા પણ ખુરશી બચાવવા માટે એક્ટિવ મોડમાં આવી ગયા છે અને તેમણે લોબિંગ શરૂ કર્યું છે. ગુરુવારે, સીએમએ તેમના નજીકના નેતાઓ, જેમાં ગૃહમંત્રી જી. પરમેશ્વરા અને સતીશ જરકીહોલી સામેલ હતા, તેમની સાથે બેઠક યોજી હતી.

કર્ણાટકની તાજેતરની રાજકીય સ્થિતિના સંદર્ભમાં, સીએમ સિદ્ધારમૈયાએ ગુરુવારે મુખ્યમંત્રી આવાસમાં તેમના નજીકના નેતાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમની સરકારના ગૃહ વિભાગના મંત્રી જી. પરમેશ્વરા, સતીશ જરકીહોલી, મહાદેવપ્પા, વેંકટેશ અને ધારાસભ્ય રાજન્ના જેવા નજીકના નેતાઓ હાજર રહ્યા હતા.

કર્ણાટકમાં મુખ્યમંત્રી પદને લઈને બેંગલુરુથી દિલ્હી સુધી જે રાજકીય ગરમાગરમી ચાલી રહી છે, તેની વચ્ચે હવે વોક્કાલિગા સમુદાયનો સૌથી મોટો મઠ પણ મેદાનમાં આવ્યો છે. આ મુખ્ય મઠ, આદિચુંચનગિરી મઠ, ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના ખુલ્લેઆમ સમર્થનમાં આવ્યું છે.

મઠના પ્રમુખ નિર્મલાનંદ નાથ સ્વામીએ કોંગ્રેસ નેતૃત્વ સમક્ષ એવી માંગણી કરી છે કે શિવકુમારને વહેલી તકે મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય લેવામાં આવે.

કર્ણાટકમાં સત્તાના નેતૃત્વ પરિવર્તનના મુદ્દે હવે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું નિવેદન પણ આવ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષે સ્પષ્ટતા કરી કે, અમે બધા સંબંધિત નેતાઓને બોલાવીને ચર્ચા કરીશું, જેમાં રાહુલ ગાંધી પણ હાજર રહેશે. બધા સાથે ચર્ચા કર્યા બાદ જ અંતિમ નિર્ણય લેવાશે. હું એકલો નથી, અમે એક ટીમ તરીકે કામ કરીએ છીએ. હાઈકમાન્ડની ટીમ સર્વસંમતિથી નિર્ણય લેશે.

### ફિલ્મમાં ટાઇગર એક નવા અવતારમાં દેખાશે

# ટાઇગર શ્રોફ સાથે હવે અભિનેત્રી મીનાક્ષી ચૌધરી જોડી જમાવશે

## ટાઇગર શ્રોફ હાલમાં દિલ રાજુ માટે જે ફિલ્મ પર કામ કરી રહ્યો છે તે એક્શન અને સંગીત આધારિત વાર્તા હશે

મુંબઈ, તા.૨૭

આ વર્ષે ટાઈગર શ્રોફની એક મોટી ફિલ્મ 'બાગી ૪' રિલીઝ થઈ હતી. પરંતુ ટીઝર બહાર આવ્યા ત્યારથી, દ્રશ્યોને ચોરી તરીકે ઓળખવામાં આવી રહ્યા હતા. આ જ કારણ છે કે, જ્યારે ફિલ્મ આખરે રિલીઝ થઈ, ત્યારે ફિલ્મ ખાસ કશું ઉકાળી શકી ન હતી. હવે, તેના માટે એક મોટી ફિલ્મ પર કામ ચાલી રહ્યું છે. આ એક નવી મ્યુઝિકલ એક્શન એન્ટરટેઈનર છે, જેમાં ટાઈગર એ અભિનેત્રી સાથે જોડાયો છે જેણે તાજેતરમાં જ જોન અબ્રાહમની 'ફોર્સ ૩' ને નકારી કાઢી હતી. દક્ષિણ ભારતીય નિર્માતા દિલ રાજુ આ ફિલ્મને ભંડોળ પૂરું પાડી રહ્યા છે, જે તેના હિન્દી ફિલ્મ વ્યવસાયનો પણ વિસ્તાર કરી રહ્યા છે.હકીકતમાં, દક્ષિણ અને બોલિવૂડ સતત સાથે કામ કરી રહ્યા છે. કેટલીક ફિલ્મોને નુકસાન થયું છે, જ્યારે કેટલીક ફિલ્મોને નોંધપાત્ર નફો પણ થયો છે. જોકે, ટાઈગર શ્રોફ હાલમાં દિલ રાજુ માટે જે ફિલ્મ પર કામ કરી રહ્યો છે તે એક્શન અને સંગીત આધારિત વાર્તા હશે. તે એક ઉચ્ચ-ઊર્જા મિશ્રણ બનવાનું આયોજન છે. તાજેતરમાં, જોન અબ્રાહમની ફિલ્મ ફોર્સની જાહેરાત કરવામાં આવી હતી. બાદમાં એવું બહાર આવ્યું હતું કે હર્ષવર્ધન રાણે પણ તેનો ભાગ હશે. મીનાક્ષી ચૌધરીને મુખ્ય અભિનેત્રી તરીકે ફાઇનલ કરવામાં આવી હતી. જોકે, એવા અહેવાલો બહાર આવ્યા હતા કે અભિનેત્રી તારીખ અને ફીના મુદ્દાઓને કારણે ફિલ્મમાંથી ખસી ગઈ છે. તે ફક્ત એક હિન્દી ફિલ્મ માટે જ સમાચારમાં નથી. તેણીને અક્ષય કુમારની ભાગમ ભાગની સિક્વલમાં પણ કાસ્ટ કરવામાં આવી છે, જેનું નિર્માણ ટૂંક સમયમાં શરૂ થશે. દરમિયાન, ટાઈગર શ્રોફની નવી ફિલ્મનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ એક્શન મ્યુઝિકલની વાર્તા ગુપ્ત રાખવામાં આવી છે.જોકે, હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે આ ફિલ્મમાં ટાઈગર એક નવા અવતારમાં દેખાશે, જેમાં મજબૂત સંગીતમય પ્રવાહ હશે. મીનાક્ષી ચૌધરી અને ટાઈગર શ્રોફ પહેલી વાર સાથે જોવા મળશે, અને આ જોડીને એક તાજગીભરી પસંદગી માનવામાં આવે છે. ફિલ્મના દિગ્દર્શકનો પણ ટૂંક સમયમાં ખુલાસો કરવામાં આવશે, અને તે પછી જ ખબર પડશે કે ફિલ્મ ક્યારે ફ્લોર પર આવશે.

### UN રિપોર્ટમાં ઘટસ્ફોટ

# ગામડાં ખાલી થઈ રહ્યા છે, દુનિયાની ૮૦% વસતીની શહેરો તરફ દોટ

## આ રિપોર્ટ પેટ્રિક ગેરલેન્ડના નેતૃત્વ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમણે ઘણાં સંશોધકોએ સાથે સહયોગ કર્યો હતો

વોશિંગ્ટન, તા.૨૭

વિશ્વની માનવ વસ્તીના વિતરણમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના તાજેતરના રિપોર્ટમાં ઘટસ્ફોટ થયો છે કે વિશ્વની ૮૦ ટકાથી વધુ વસ્તી હવે શહેરોમાં રહે છે, જ્યારે ગ્રામીણ વિસ્તારો ખાલી થઈ રહ્યા છે. આ આંકડો વૈશ્વિક વસ્તીના વિતરણને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યો છે અને માનવ સંસ્કૃતિના કેન્દ્રો હવે સંપૂર્ણપણે શહેરી વિસ્તારો બની ગયા છે.

અમેરિકાના "વર્લ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫" રિપોર્ટ અનુસાર, આજે વિશ્વની લગભગ મોટા ભાગની વસ્તી શહેરો અને નગરોમાં રહે છે. ૨૦૧૮માં આ આંકડો ફક્ત ૫૫ ટકા હતો, એટલે કે સાત વર્ષમાં શહેરી વસ્તીમાં ભારે વધારો થયો છે. ૪૫% લોકો શહેરોમાં અને ૩૬% ગામડાઓમાં રહે છે. આ રિપોર્ટ પેટ્રિક ગેરલેન્ડના નેતૃત્વ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમણે ઘણાં સંશોધકોએ સાથે સહયોગ કર્યો હતો. અમેરિકાના "વર્લ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫" રિપોર્ટ અનુસાર, વિશ્વની વસ્તી શહેરો અને નગરોમાં રહેવા માટે આક્રમક રીતે સ્થળાંતર કરી રહી છે. વર્ષ ૨૦૧૮માં આ આંકડો ફક્ત ૫૫ ટકા હતો, એટલે કે સાત વર્ષમાં શહેરી વસ્તીમાં ભારે વધારો થયો છે. ૪૫ ટકા લોકો શહેરોમાં અને ૩૬ ટકા ગામડાઓમાં રહે છે. આ રિપોર્ટ પેટ્રિક ગેરલેન્ડના નેતૃત્વ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમણે ઘણાં સંશોધકોએ સાથે સહયોગ કર્યો હતો. રિપોર્ટ અનુસાર, ૨૦૫૦ સુધીમાં વિશ્વની ૮૩ ટકા વસ્તી શહેરોમાં રહેશે. આનો અર્થ એ છે કે આગામી વર્ષોમાં, શહેરો વિસ્તરશે અને ગામડાઓ વધુ ઉજ્જડ બનશે. પૂર્વી અને દક્ષિણ એશિયામાં, ખાસ કરીને ભારત જેવા દેશોમાં, લોકો ગામડા છોડીને મુખ્યત્વે સારું શિક્ષણ, નોકરી અથવા સારું સામાજિક જીવન મેળવવા માટે શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે. યુએનના રિપોર્ટમાં વિશ્વના વિવિધ ભાગોમાં શહેરીકરણ પાછળના મુખ્ય કારણો રજૂ કરાયા છે. એશિયા (ખાસ કરીને ભારત) લોકો ગામડાં છોડીને મુખ્યત્વે સારી શિક્ષણ, નોકરીની તકો અને સારું સામાજિક જીવન મેળવવા માટે શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે. યુરોપ અને ઉત્તર અમેરિકા જેવા વિકસિત પ્રદેશોમાં શહેરીકરણ મુખ્યત્વે અન્ય દેશોમાંથી આવતા લોકોના ધસારા (આંતરરાષ્ટ્રીય સ્થળાંતર)ને કારણે થઈ રહ્યું છે. જ્યારે આફ્રિકામાં શહેરીકરણ મુખ્યત્વે ઉચ્ચ જન્મ દરને કારણે થાય છે, જ્યાં વસ્તી ઝડપથી વધી રહી છે.

શહેરીકરણ માત્ર વસ્તી વૃદ્ધિ જ નહીં પરંતુ લોકોના સ્વાસ્થ્ય પર પણ અસર કરી રહ્યું છે. કિંગ્સ કોલેજ લંડનના નિષ્ણાત એન્ડ્રીયા મેચેલીના મતે, શહેરોમાં વાયુ પ્રદૂષણ અને વધતી ગરમી લોકોને બીમાર બનાવી રહી છે. આનાથી હૃદય રોગ અને અલ્ઝાઈમર જેવા રોગોનું જોખમ વધે છે. વધુમાં ઘણાં શહેરી વિસ્તારોમાં ઉદ્યાનો અને લીલી જગ્યાઓનો અભાવ છે.

ઉલ્લેખનીય છે કે, આ રિપોર્ટ વૈશ્વિક નીતિ નિર્માતાઓ માટે એક ચેતવણી સમાન છે કે જો શહેરો પરનું ભારણ આ રીતે વધતું રહ્યું, તો માળખાકીય અને સ્વાસ્થ્ય સંબંધિત પડકારો ઉભા થઈ શકે છે.

### વિક્રમ-૧ એક પ્રાઇવેટ ઓર્બિટ રોકેટ છે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું વિક્રમ-૧ રોકેટ

## વિક્રમ-૧ની કાર્બન કોમ્પોઝિટ બોડી છે, તેના ચોથા સ્ટેજમાં 3ડી પ્રિન્ટેડ લિક્વિડ એન્જિનનો ઉપયોગ થાય છે

નવી દિલ્હી, તા.૨૭

પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી દ્વારા હાલમાં જ વિક્રમ-૧ રોકેટ લોન્ચ કરવામાં આવ્યું છે. ભારતમાં હવે પ્રાઈવેટ સ્પેસ સેક્ટર શરૂ થઈ રહ્યું છે. ભારતને સ્પેસ સેક્ટરમાં આગળ પહોંચાડવા માટે સરકાર ખૂબ જ કોશિશ કરી રહી છે. નરેન્દ્ર મોદી દ્વારા સ્કાયરૂટ એરોસ્પેસનું ઈન્ફિનિટી કેમ્પસનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. વિક્રમ-૧ એક પ્રાઈવેટ ઓર્બિટ રોકેટ છે. એના દ્વારા ભારત હવે સ્પેસમાં ખૂબ જ ઝડપથી આગળ વધશે. આ પ્રાઈવેટ સેક્ટરનો ઉપયોગ હવે ઈસરો અને દેશના અન્ય સ્પેસ એજન્સીઓ પણ કરી શકશે.

ઈન્ફિનિટી કેમ્પસને બે લાખ સ્ક્વેર ફૂટમાં બનાવવામાં આવ્યું છે. એમાં દર મહિને એક રોકેટને લોન્ચ કરવાની ક્ષમતા છે. આ કેમ્પસમાં ડિઝાઈનની સાથે રોકેટ બનાવવાની અને એને લોન્ચ કરવાની સાથે જ એને ટેસ્ટ પણ કરશે. વિક્રમ-૧ રોકેટ અર્થની લો ઓર્બિટમાં જવા માટે સક્ષમ છે. આ રોકેટ ૫૦૦ કિલોગ્રામ સુધીનું વજન લઈ જઈ શકે છે.

વિક્રમ-૧ની કાર્બન કોમ્પોઝિટ બોડી છે. તેના ચોથા સ્ટેજમાં 3D પ્રિન્ટેડ લિક્વિડ એન્જિનનો ઉપયોગ થાય છે. એના કારણે તે જૂની ડિઝાઈન કરતાં એકદમ હલકું છે. સ્કાયરૂટ આ દ્વારા લોન્ચને ખૂબ જ ઝડપી અને ફ્લેક્સિબલ બનાવવા માગે છે. આ ડિઝાઈન દ્વારા તેમણે ઈનોવેશન કર્યું હોવાથી એ ગેમ ચેન્જર બની શકે છે.આ વિશે નરેન્દ્ર મોદીએ કહ્યું કે 'છેલ્લા કેટલાક વર્ષમાં ભારતની એવિએશન સેક્ટરમાં ખૂબ જ અદ્ભુત વિકાસ થયો છે. દુનિયામાં આજે ભારત ખૂબ જ ઝડપથી વિકાસ કરતું ડોમેસ્ટિક એવિએશન માર્કેટ છે. દુનિયાભરમાં ડોમેસ્ટિક માર્કેટમાં ભારત આજે ત્રીજા ક્રમે છે. ભારતના લોકોની મહત્ત્વકાંક્ષા ખરેખર આકાશ સ્પર્શી રહી છે.'

વિક્રમ-૧નો ઉપયોગ નાની સેટેલાઈટ્સને ખૂબ જ ઝડપથી લોન્ચ કરવા માટે કરી શકાય છે. ઈસરોના SSLV અને રોકેટ લેબના ઈલેક્ટ્રોનની જેમ આ રોકેટ પણ ખૂબ જ ઝડપથી દિશા બદલી શકે છે. આ રોકેટ દ્વારા ઓછા સમયમાં ઓછા ખર્ચે મહત્ત્વનું કામ કરી શકાય છે. આથી ભારતમાં જ નહીં, પરંતુ આખી દુનિયાભરમાં આ રોકેટ ઈન્ડિયન સ્પેસ ટેક્નોલોજીને આગળ લાવી રહ્યું છે.

# અમરેલીનાં વિધાસભામાં માધ્યમિકથી કોલેજનાં વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



અમરેલી તારીખ ૨૬ નવેમ્બરના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા માધ્યમિકથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે અભ્યાસિક પ્રેરણા અને કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું આ સેમિનારમાં સંસ્થાના પ્રમુખ પોતાના જીવનના પ્રસંગો શેર કરતાં કહ્યું હતું '' જયારે હું પ્રથમ વખત સુરત ગયો ત્યારે મનમાં એક જ વિચાર હતો કંઈક સારૂ કરવું છે એ જ સકારાત્મક વિચારો અને અવિરત મહેનત મને જીવનની નવી ઊંચાઈઓ સુધી લઈ ગયા.'' જે વિદ્યાર્થીઓને સંદેશ આપતા જણાવ્યું હતું પોતાનું લક્ષ્ય નક્કી કરવું અને પોઝિટિવ વિચાર સાથે સતત મહેનત કરતી રહેવી તો સફળતા ચોક્કસ મળ શે, વિદ્યાર્થીઓ એક અનંત શકિત, એક વિશાળ સપનું અને એક અનોખી લઈને ચાલે તો તેઓ જીવનમાં સર્વોતમ સિદ્ધીઓ પ્રાપ્ત કરી શકે છે જેમાં બેજ વસ્તુની જરૂર છે સાચું લક્ષ અને યોગ્ય દિશામાં મહેનત. વિદ્યાર્થીઓ ક્યારેપણ વ્યસન, મસ્તી અને ખોટી દિશામાં પોતાની ઉર્જાનો વપરાશ કરવો નહી, આ ઉમરે પોતાને ઘડવા, સપના સાકાર કરવા અને લક્ષ્ય પ્રત્યે વફાદારીથી અભ્યાસમાં વળગી રહેવા પ્રેરણાત્મક ઉદબોધન આપ્યું હતું. બાળકોને જીવનમાં દ્રઢ મનોબળ પોઝિટિવ વિચાર સાથે કારકિર્દી ઘડતર માટે નવી દિશા મળશે આ પ્રસંગે કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી ચતુરભાઈ ખુંટ, એમ કે સાવલિયા, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, સ્કૂલ સુપરવાઈઝર વિજયભાઈ, શર્મીલાબેન, પ્રિન્સિપાલ જીગ્નેશભાઈ, કલ્પેશભાઈ તેમજ પ્લાઝામાંથી ચિરાગભાઈ, સંસ્થાના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ વકતવ્યથી બાળકોને જીવનમાં દ્રઢ મનોબળ – પોઝિટિવ વિચાર સાથે કારકિર્દી ઘડતર માટે નવી દિશા મળશે. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લાનાં વાહનચાલકોને

અમરેલી એ સૌરાષ્ટ્રનું એક માત્ર જિલ્લા મથક એવુ છે કે, જે શહેરમાંથી બાબરા, લાઠી, લીલીયા, કુંકાવાવ, સાવરકુંડલા કે ધારી તરફ જાવ એકપણ માર્ગ ફોરલેન ડીવાઈડર જોવા મળતો નથી.

તાજેતરમાં ટેકનોલોજી અને ફાસ્ટયુગમાં ફોરલેન માર્ગની સુવિધાના અભાવે જિલ્લાનાં ખેડૂતો, વેપારીઓ અને ઉદ્યોગપતિઓ પોતાના વ્યવસાયમાં વધારે લાભ મેળવી શકતા નથી. કારણ કે બ્રોડગેજ રેલ્વે અને ફોરલેન માર્ગ એ વિકાસની ગતી વધારવા માટે અતિ મહત્વની સુવિધા છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, અમરેલી થી લાઠી માર્ગ ઉપર ત્રણ–ત્રણ સાંસદોનાં વતનનાં ગામ આવેલ છે. જેમા ઈશ્વરીયામાં સાંસદ રૂપાલા, જરખીયામાં સાંસદ ભરતભાઈ સુતરીયા અને દુધાળામાં રાજયસભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાનો જન્મ થયો છે. અને એ માર્ગ પણ ફોરલેન ડીવાઈડર નથી અને ત્રણે સાંસદોએ પોતાના વતન તરફ જતાં માર્ગ ફોરલેન બનાવવાનો જ કરી છે.

તદ્ઉપરાંત અમરેલી થી બાબરા, સાવરકુંડલા, રાજુલા, ધારી તરફ જતો માર્ગ ઉપર વ્યાપક ટ્રાફિક રહે છે અવાર–નવાર નન–મોટા અકસ્માની ઘટના બને છે. તાજેતરમાં વરસડા ગામ નજીક લકઝરી બસ એક ટ્રકને ઓવરટેક કરવા જતાં ખાંગી થયાની ઘટના બની ચુકી છે.

અમરેલી પંથકની જનતા હવે, માળખાકિય સુવિધા ખાસ કરીને પરિવહનની સુવિધા આધુનિક ઈચ્છી રહી હોય જિલ્લાનાં સતાધારી પક્ષનાં તમામ કાર્યકર્તાઓ અને આગેવાનો તેમજ ચુંટાયેલ જનપ્રતિનિધિઓની ફરજ બને છે કે, તેઓ પ્રધાનમંત્રી સમક્ષ અમરેલીની ચારેય દિશનાં માર્ગો ફોરલેન ડીવાઈડર સાથેની માંગ કરે તેવી માંગ જનતા કરી રહી છે.


સંકુલ KG થી ધો. ૧૨
અલગ ગર્લ્સ સ્કૂલ
અલગ મિશ્ર સ્કૂલ
અલગ EM સ્કૂલ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થાપક–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા
શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad 150


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૧૯ |
| ૨ | કપાસ કોડી | ૧૦૫૦ | ૧૩૪૮ |
| ૩ | મગફળી | ૯૭૧ | ૧૩૧૬ |
| ૪ | તલ સફેદ | ૨૧૨૨ | ૨૧૨૨ |
| ૫ | સોયાબીન | ૮૫૫ | ૮૫૦ |
| ૬ | અડદ | ૮૩૬ | ૯૧૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૦ | ૧૧૯૨ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૯૨૦ | ૧૨૩૫ |
| ૪ | શિંગ મોટી | ૮૩૮ | ૧૩૪૦ |
| ૫ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૨૦ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૨૨૦ | ૧૨૪૮ |
| ૭ | તલ સફેદ | ૧૨૫૧ | ૨૪૫૦ |
| ૮ | તલ કાળા | ૨૪૭૫ | ૫૪૩૦ |
| ૯ | તલ કાશ્મીરી | ૨૩૪૫ | ૨૪૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૪ | ૫૭૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૧૬ | ૫૬૮ |
| ૧૨ | મગ | ૫૨૦ | ૮૨૦ |
| ૧૩ | અડદ | ૮૪૦ | ૧૪૩૦ |
| ૧૪ | ચણા | ૮૧૦ | ૧૦૭૨ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૭૨ | ૧૧૫૦ |
| ૧૬ | સફેદ ચણા | ૯૮૬ | ૧૦૯૯ |
| ૧૭ | છોલે ચણા | ૧૩૪૦ | ૧૪૧૫ |
| ૧૮ | તુવેર | ૧૧૬૦ | ૧૨૭૦ |
| ૧૯ | વાલ | ૪૮૫ | ૮૫૨ |
| ૨૦ | કપાસ | ૮૫૦ | ૧૫૫૮ |
| ૨૧ | એરંડા | ૧૧૨૨ | ૧૨૭૬ |
| ૨૨ | જીરૂ | ૩૭૦૦ | ૩૯૧૫ |
| ૨૩ | ધાણા | ૧૪૨૦ | ૧૮૯૦ |
| ૨૪ | મેથી | ૬૦૦ | ૯૮૬ |
| ૨૫ | સોયાબીન | ૬૯૦ | ૯૩૧ |
| ૨૬ | કાંગ | ૪૬૬ | ૪૬૬ |

### ધારાસભ્ય જનક તળાવીયાની મુખ્યમંત્રીને રજુઆત

## કૃષિ રાહત પેકેજનાં ફોર્મ ભરવાની સમય મર્યાદામાં વધારો કરવા માંગ

### દસ્તાવેજો મેળવવા, ઓનલાઈન એન્ટ્રીમાં વિલંબ થઈ રહ્યો છે

અમરેલી, તા. ૨૭

કમોસમી તેમજ અતિ વરસાદના કારણે રાજયભરના ખેડૂતોને વ્યાપક અને ગંભીર નુકસાન થયું છે. ખેડૂતોના પાકમાં થયેલા આ નુકસાનની પુનઃ પ્રાપ્તિ માટે રાજય સરકારએ કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી છે અને પાત્ર ખેડૂતોએ સહાય મેળવવા માટે ઓનલાઈન તથા ઓફલાઈન માધ્યમથી અરજી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

પરંતુ, ફોર્મ ભરવાની નિર્ધારિત અંતિમ તારીખ પૂર્ણ થવા માટે ગણતરીના કલાકો બાકી છે. ત્યારે રાજયના અનેક તાલુકા–ગામડાઓમાંથી ખેડૂતો તરફથી વ્યાપક હાકલ ઉઠી રહી છે કે દસ્તાવેજો મેળ વવામાં મોડું થવું, ડિજિટલ સાધનોના અભાવને કારણે ઓનલાઈન એન્ટ્રીમાં પડતી મુશ્કેલીઓ, સેવા સદનો અને હેલ્પ સેન્ટરો પર અત્યંત ભીડ, ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં નેટવર્કની અછત, તેમજ પાક સર્વેની પ્રક્રિયામાં વિલંબ જેવા વાસ્તવિક કારણોને કારણે હજારો ખેડૂતો હજી સુધી પોતાનું ફોર્મ સબમિટ કરી શકયા નથી.

ખેડૂતોના આ પ્રશ્નોને ખૂબ જ સંવેદનશીલતા સાથે ધ્યાનમાં લઈને ધારાસભ્ય જનક તળાવીયાએ આજે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ



તેમજ કૃષી મંત્રીને પત્ર લખી રજુઆત કરી છે કે, ફોર્મ ભરવાની અંતિમ તારીખમાં પૂરતો સમયગાળો વધારવામાં આવે જેથી એકપણ પાત્ર ખેડૂત સરકારની જાહેરાતિત સહાયથી વંચિત ન રહે.

રજુઆત દરમિયાન જણાવ્યું કે ખેડૂત રાજયની અન્નદાતા શક્તિ છે. કુદરતી આફતમાં તેઓને થયેલ નુકસાનની ભરપાઈ માટે સરકાર દ્વારા ઘોષિત રાહતનો હિત દરેક ખેડૂત સુધી પહોંચવો અત્યંત જરૂરી છે. વાસ્તવિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને અંતિમ તારીખમાં વધારાનો નિર્ણય ખેડૂતોને મોટો રાહત આપશે.

ખેડૂતોની સમસ્યાઓને ધ્યાનમાંરાખીને, વધુ સુવ્યવસ્થિત અને સરળ પ્રક્રિયા દ્વારા તમામ ખેડૂતોએ પોતાની અરજી સરળતાથી પૂર્ણ કરી શકે તે માટે યોગ્ય સમયમર્યાદા વધારવામાં આવે એવી વિનંતી કરી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૪૭૦ |
| ૨ | કપાસ કોડી | ૮૬૧ | ૧૧૭૬ |
| ૩ | મગફળી | ૭૭૧ | ૧૩૧૫ |
| ૪ | ઘઉં | ૫૧૦ | ૫૪૧ |
| ૫ | ચણા | ૮૫૬ | ૧૦૪૦ |
| ૬ | અડદ | ૬૦૦ | ૧૦૨૧ |
| ૭ | એરંડા | ૧૨૧૨ | ૧૨૫૫ |
| ૮ | કાળા તલ | ૩૩૦૧ | ૪૨૦૧ |
| ૯ | ધાણા | ૧૬૬૦ | ૧૬૭૧ |
| ૧૦ | સોયાબીન | ૫૪૧ | ૮૬૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૧૯૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૨૧ |
| ૪ | તલ કાળા | ૪૮૦૦ | ૫૬૨૫ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૦૯૫ |
| ૬ | કપાસ | ૧૦૩૦ | ૧૫૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૫ | ૫૭૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૭૧૭ |
| ૧૦ | જુવાર | ૯૬૦ | ૧૧૪૦ |
| ૧૧ | મકાઈ | ૪૧૫ | ૫૦૦ |
| ૧૨ | અડદ | ૮૦૦ | ૧૩૩૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૬૨ |
| ૧૪ | સોયાબીન | ૭૦૦ | ૮૭૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીમાં પંચવટી ફાર્મ નજીક

દારૂ પી ને આવી કેબિન માલિકને જેમ ફાવે તેમ ગાળો આપી તેમના શર્ટનો કાઠલો પકડી તેમને બહાર કાઢેલ અને ત્યાર બાદ કેબિન માલિક સામે રોડ ઉપર ગયેલ ત્યારે કેબિન સામે એક ઝાડ નીચેથી બે થી ત્રણ પથ્થર હાથમાં લઈ મારી કેબિન માલિક પર પથ્થરના બે થી ત્રણ છુટા ઘા મારેલ હતાં. ત્યાર બાદ આશરે બપોરના બારેક વાગ્યે કેબીને આરોપી તથા તેમના બે દીકરા રોહિતભાઈ જેઠવા તથા નલાભાઈ જેઠવા એમ ત્રણેય કેબીને આવેલ અને આ ત્રણેય જેમ ફાવે તેમ ઢીકાપાટુ વડે ઢોર માર મારેલ અને ધમકી આપેલ કે, તું હવે દુકાન ખોલી લેજે ? તું હવે કેમ દુકાન ખોલે છો ? તે હું જોઉં છું અને તારે જયાં પોલીસ કેસ કરવો હોય ત્યાં કરી દેજે મને કોઈ કઈ ફેર નહીં પડતો તેમ કહી ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

તો આ જ બનાવમાં સામા પક્ષે અશોકભાઈ શંભુભાઈ જેઠવાએ પણ સામાવાળા રજનીભાઈ દિનેશભાઈ કડેવાળ, દિનેશભાઈ, અજયભાઈ ગૌસ્વામી સામે ઢીકાપાટુ વડે મુંઢ માર મારેલ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરા : સાવરકુંડલા–રાજકોટ

મળતા નથી અને સ્થાનિક રાજકીય અગ્રણીઓ પણ આ બાબતે મેન સેવી રહ્યા હોય કોઈ રજુઆત કરવા આગળ આવતું નહિ હોવાથી એસ.ટી. વિભાગ મને ફાવે તેમ રૂટ શરૂ બંધ કરી રહ્યો છે.

ત્યારે ઉટવડ ગામના જાગૃત નાગરિક સંદીપભાઈ દાફડા દ્વારા અમરેલી એસ.ટી.નિયામક અને ભાવનગર એસ.ટી.નિયામકને પત્ર પાઠવી ઉટવડ ગામમાંથી પસાર થતી બે એસ.ટી.બસ બંધ થતાં ઉટવડ કોટડાપીઠા સહિતના આસપાસના ગામમાં લોકો વિદ્યાર્થીઓને ખુબજ મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડે છે તાત્કાલિક અસરથી ફરી આ બસ શરૂ થાય તેવી લાગણી વ્યક્ત કરી છે.

તેઓએ પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે સાવરકુંડલા રાજકોટ અને ગારીયાધાર રાજકોટ આ બે એસ.ટી.બસો એકાએક બંધ કરવામાં આવતા અહીંના મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડી છે તેમજ મોંઘું ભાડું ચૂકવી ખાનગી વાહનમાં મુસાફરી કરવાની ફરજ પડે છે.

ઉપરોક્ત બસમાં બાબરા કોટડાપીઠા આટકોટ, વિરનગર, બળ ધોય, હલેનડા, ખારસિયા, સરધાર,ગામથી નિયમિત અપડાઉન કરે છે જેમાં વિદ્યાર્થીઓ રાજકોટ અભ્યાસ માટે તેમજ દર્દીઓને જતા આવતા હોય અને ખુબજ ઉપયોગી બસ બંધ થઈ છે જે ફરી શરૂ કરવામાં આવે તેવી અંતમાં માગણી કરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૩૦ | ૧૫૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૩ | મગફળી | ૧૦૧૮ | ૧૩૨૨ |
| ૪ | તલ સફેદ | ૧૬૮૫ | ૨૧૦૫ |
| ૫ | તલ કાળા | ૩૪૧૫ | ૪૫૭૫ |
| ૬ | જીરૂ | ૩૦૩૦ | ૩૯૮૦ |
| ૭ | ઘઉં | ૪૭૮ | ૫૨૨ |
| ૮ | ચણા | ૯૫૫ | ૧૦૮૫ |
| ૯ | મગ | ૧૨૪૫ | ૧૪૩૫ |
| ૧૦ | અડદ | ૯૨૫ | ૧૨૫૫ |
| ૧૧ | સોયાબીન | ૮૧૦ | ૮૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૨૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૧૨ |
| ૪ | અડદ | ૭૦૦ | ૧૨૩૦ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૬૦ |
| ૬ | ધાણા | ૧૪૪૦ | ૧૮૦૦ |
| ૭ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | લસણ | ૬૦૦ | ૬૦૦ |
| ૯ | તલ સફેદ | ૨૧૨૦ | ૨૧૬૦ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૮૦ |
| ૧૧ | સીંગફાડા | ૯૫૦ | ૧૨૦૦ |
| ૧૨ | મગફળી | ૫૦૦ | ૧૦૬૦ |
| ૧૩ | ચણા સફેદ | ૮૦૦ | ૧૦૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## ખાંભાનાં ગીદરડી ગામે

લાગણી ઉભી થઈ છે.

ગીદરડી પંથકમાં છેલ્લા એક મહિનામાં સિંહ ધ્વારા માનવ પર હુમલાની બીજી ઘટના બનતા ગામજનોમાં ભયનો ઉભો થયેલ. ડરના માહોલને દૂર કરવા માટે વન વિભાગે સિંહણને પીંજરે પુરવા કવાયત શરૂ કરી અને અંતે તેમને સફળતા મળી અને સિંહણ પીંજરે પુરાતા ગામજનોમાં હાશકારાની લાગણી ઉભી થઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીની લોહાણા મહાજન વાડીમાં

ટ્રસ્ટીઓની અપીલને માન આપી સમગ્ર લોહાણા મહાજન વાડીમાં ઉપયોગમાં આવી શકે તે માટે થઈ ૪૦ કિલોવોટની ક્ષમતા વાળી સોલાર પેનલ માટેના પ્રોજેક્ટ માટેનો કુલ ૧૨ લાખ માટે થઈ બંને દાતા પરિવાર તરફથી સંપુર્ણ રકમ અર્પણ કરેલ હતી.

આ પ્રોજેક્ટ સંપન્ન થતાં અને દાતા પરિવારની ઉપસ્થિતમાં બંને દાતા પરિવારના ભરતભાઈ વસાણી, ધવલ વસાણી તથા રાજુભાઈ દશાણી તથા અમરેલી લોહાણા મહાજન પ્રમુખ ડો. ભરત કાનાબાર, ઉપપ્રમુખ ભાવેશ સોઢાની ઉપસ્થિતમાં તક્તિનુ અનાવરણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે અમરેલી રઘુવંશી પરિવારનાં મિલાપ રૂપારેલ, કિશોરભાઈ રૂપારેલ, સુરેશભાઈ પોપટ, શૈલેષભાઈ પોપટ, પરાગ પોપટ, સુધીર રંગપરિયા, જયદેવભાઈ જોષી (ગોર), અતુલભાઈ ખાખરિયા, નટુભાઈ ખસિયા તથા દિનેશભાઈ જોષી વિગેરે ઉપસ્થિત રહયાં હતાં.

પાના ૧ ઉપરનું ચાલું
## મોટી કુંકાવાવ નજીક એસ.ટી. બસના

સોલંકી ગત તા.૨૫ ના રોજ સાંજે પોતાના હવાલાવાળી મોટર સાયકલ નં. જી.જે.–૧૪ બીઈ–૧૮૩૯ લઈને જતા હતા. ત્યારે રાકેશભાઈ પીરૂભાઈ સોલંકી મોટર સાયકલ ચલાવતા હતા. અને અરૂણભાઈ તેમની પાછળ બેસેલ હતા. તે દરમ્યાન સાંજના આશરે પોણા આઠેક વાગ્યે અમરાપુર ગામથી આગળ મોટી કુંકાવાવ ગામ તરફ પહોચતા સામે રોડ પર સરકારી એસ.ટી.બસ નં. જી.જે.–૧૮ ઝેડ–૭૨૯૦ વાળી રોડ ઉભેલ હોય, જે બસ પાસે આ મોટર સાયકલ સાથે પહોચતા આ એસ.ટી. બસના ચાલકે તેમની સાઈડનો બસનો દરવાજો અચાનકથી જ ખોલતા જે બસનો દરવાજો મરણ જનારના મોઢાના ભાગે ભટકાવી દેતા ડબલ સવારી મોટર સાયકલ રોડ પરથી નીચે ખાળીયામા પડી જતા રાજકોટ ગામે રહેતા રાકેશભાઈ પીરૂભાઈ સોલંકીને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નીપજાવી તથા અરૂણભાઈને શરીરે મુંઢ ઈજા કર્યાની એસ.ટી.બસ નં. જી.જે.–૧૮ ઝેડ–૭૨૯૦ના ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### માયાપાદર ગ્રામ પંચાયત – માયાપાદર
### તા. કુંકાવાવ–વડીયા, જી. અમરેલી
## :: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, માયાપાદર ગ્રામપંચાયત કચેરી–માયાપાદર દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે, નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેની જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

હરરાજી તારીખ : ૦૯/૧૨/૨૦૨૫, મંગળવાર
હરરાજી સમય : બપોરે ૧ : ૦૦ કલાકે
હરરાજી સ્થળ : માયાપાદર ગ્રામ પંચાયત કચેરી

શરતો : (૧) હરરાજીમાં ભાગ લેવા માંગતા માંગણીદારોએ હરરાજીના સમય પહેલા ડિપોઝીટ પેટે રૂા. ૧૦૦૦/– (એક હજાર) જમા કરાવવાના રહેશે. (૨) હરરાજીમા અગાઉથી ડિપોઝીટ જમા કરનાર માંગણીદારો જ ભાગ લઈ શકશે. (૩) માંગણીદારે સ્થળપરની ગ્રા.પં. કચેરી અપસેટ કિંમત રૂા. ૭૩૦૫/– મુજબની માંગણી કરવાની રહેશે. (૪) વર્ક ઓર્ડર આપ્યાથી હરરાજીની જગ્યા માંગણીદારે દિન–૧૦માં ચોખ્ખી અને ખુલ્લી કરી આપવાની રહેશે. (૫) હરરાજીમાં આખરી બોલી બોલનાર હકકદાર રહેશે. (૬) હરરાજી થયા બાદ ગ્રા.પં. કચેરી પાડવાના સમયે જો કોઈ નુકસાની કે જાનહાનીનો બનાવ થશે તો તેની તમામ જવાબદારી હરરાજીનું કામ રાખનારની રહેશે. (૭) હરરાજીમાં આખરી બોલી બોલનારે સ્થળ પર જ રકમ તાત્કાલીક જમા કરાવવાની રહેશે.

**નોંધ : અન્ય શરતોને આધીન**

**તલાટી કમ મંત્રીશ્રી**
**માયાપાદર ગ્રામ પંચાયત**

**સરપંચશ્રી**
**માયાપાદર ગ્રામ પંચાયત**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૩૬ | ૧૨૪૯ |
| ૨ | તલ સફેદ | ૧૫૧૬ | ૨૬૦૦ |
| ૩ | તલ કાળા | ૪૪૨૬ | ૪૭૦૧ |
| ૪ | કપાસ | ૯૫૦ | ૧૪૬૧ |
| ૫ | બાજરો | ૪૪૫ | ૬૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૩ |
| ૭ | જુવાર | ૯૨૫ | ૯૨૫ |
| ૮ | મગ | ૮૦૦ | ૧૨૫૩ |
| ૯ | ચણા | ૮૨૫ | ૧૧૦૦ |
| ૧૦ | જીરૂ | ૩૮૦૧ | ૩૮૦૧ |
| ૧૧ | એરંડી | ૧૨૩૬ | ૧૨૩૬ |
| ૧૨ | સોયાબીન | ૭૨૧ | ૮૨૦ |
| ૧૩ | રાજગરો | ૧૫૫૦ | ૧૫૫૦ |

# બાબરા ખાતે પરિશ્રમ વિદ્યાલયમાં શિયાળુ રમતોત્સવની ઉમંગભેર ઉજવણી







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરામાં પરિશ્રમ વિદ્યાલયમાં શાળાના ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવના અધ્યક્ષસ્થાને શિયાળુ રમતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રમતોમાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ શ્રેષ્ઠ પ્રદશન કર્યું હતું. કાર્યક્રમમાં વકીલ મંડળના પ્રમુખ વશરામભાઈ સુસરા,એડવોકેટ શહેર ભાજપ ઉપ પ્રમુખ પ્રતાપભાઈ ખાચર, ભરતભાઈ બારૈયા, રમેશભાઈ સાંગડીયા, રણજીતભાઈ, મહેશભાઈ, જયદીપભાઈ હાટગરડા ,ગોપાલભાઈ અને જીગરભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અહીં પરિશ્રમ વિદ્યાલયનાના વિદ્યાર્થીઓ માટે શિયાળુ રમતોત્સવ શાળાના આચાર્ય નરેન્દ્રભાઈ દાનીધારિયાના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓ કબડી, ખોખો, ૧૦૦ મીટર દોડ,સ્લો સાયકીલ, મટકાફોડ, લિંબુ ચમસી,સંગીત ખુરશી સહિતની વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને શ્રેષ્ઠ પ્રદશન કરનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### ૨૬ નવેમ્બર સુધીમાં ખેડૂતોના ખાતામાં રૂા. ત્રણ કરોડ પેમેન્ટ જમાં થયું

## ધારી ખેડૂત કૃષિ ઉત્પાદક અને પ્રોસેસિંગ સહકારી મંડળી (FPO) દ્વારા ટેકાના ભાવે અત્યારસુધીમાં ૪૦,૦૦૦ મગફળીની બોરીની ખરીદી

### એ.પી.એમ.સી. ધારી ખાતે ખરીદ કેન્દ્રની મામલતદારએ મુલાકાત લીધી


તસ્વીર : નુરૂદીન ચાવડા-ધારી

અમરેલી, તા. ૨૭

રાજય સરકાર દ્વારા ખેડૂતોને રાહત આપવાના હેતુથી પ્રતિવર્ષ ટેકાના ભાવે કૃષિ જણશોની ખરીદી કરવામાં આવી રહી છે. આ વર્ષે રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારના માધ્યમથી મગફળી, સોયાબીન, મગ અને અડદની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અમરેલી જિલ્લાના ધારી મુકામે ધારી ખેડૂત કૃષિ ઉત્પાદક અને પ્રોસેસિંગ સહકારી મંડળી (એફપીઓ) દ્વારા મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. બુધવારે મામલતદાર ધારી દ્વારા કેન્દ્રની મુલાકાત લઈ અને પ્રક્રિયાનું નિરિક્ષણ કરવામાં આવ્યું હતું.

ગુજકોમાસોલના ગ્રેડરની ઉપસ્થિતિમાં રાજય સરકારના દિશાનિર્દેશો અનુરૂપ ખેડૂતોની મગફળીની ખરીદી પ્રક્રિયા કરવામાં આવી રહી છે. આ અંગે મંડળીના સંચાલક ભાવનાબેન ગોંડલીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા આ વર્ષે ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રતિ મણ ભાવ રૂા. ૧,૪૫૨ જાહેર કરવામાં આવ્યો છે. એક ખેડૂત પાસેથી ૧૨૫ મણની મર્યાદામાં મગફળીની ખરીદી કરવામાં આવશે. ધારી ખાતે ૧૧,૦૦૦ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ કરવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. અત્યાર સુધીમાં ટેકાના ભાવે ૪૦,૦૦૦ બોરી મગફળીની ખરીદી કરવામાં આવી છે. ખરીદીના ત્રીજા દિવસે પેમેન્ટ આવી જતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. આજ સુધીમાં ત્રણ કરોડ રૂપિયા પેમેન્ટ ખેડૂતોના ખાતામાં જમા આવી ગયું છે. રાજય સરકાર દ્વારા રૂા.૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવની જણસોની ખરીદી કરવામાં આવી રહી હોવાથી ખેડૂતોને રાહત મળી રહી છે. દરમિયાન મગફળીના બજાર ભાવ કરતાં ટેકાના ભાવે વધુ ભાવ મળતા હોવાથી ખેડૂતો માટે આ પ્રક્રિયા ફાયદાકારણ નિવડી રહી છે.

## રાજુલા : અર્બન આરોગ્ય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓને નિઃશુલ્ક પોષણ કીટનુ વિતરણ કરાયુ




અમરેલી, તા. ૨૭

પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન હેઠળ રાજુલા તાલુકા આરોગ્ય કચેરીના આરોગ્ય સ્ટાફના સહયોગથી અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાજુલા ખાતે ટીબીના દર્દીઓને વિનામુલ્યે પ્રોટીનયુકત પોષણ સહાય કીટના વિતરણનુ આયોજન કરાયુ હતુ. જેમાં નગરપાલિકા પ્રમુખ મયુરભાઈ દવે અને ચેરમેન હેમલભાઈ વસોયાના હસ્તે દર્દીઓને પોષણ યુકત કીટ આપી ટીબીના દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવી હતી.

આ પહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટીબી મુકત ભારતના વિઝનને સાકાર કરવાની દિશામા એક મહત્વપૂર્ણ પગલુ છે તેમજ પોષણ યુકત આહાર મળી રહે તો તેઓ જલ્દીથી સ્વસ્થ થઈ શકે તે માટે તાલુકા આરોગ્ય કચેરી રાજુલાના તમામ આરોગ્ય સ્ટાફ દ્વારા સ્વખર્ચે કીટની ખરીદી કરી તેમજ કાણકિયા ચા સાવરકુંડલા દ્વારા કીટ માટે બેગના ડોનેશન દ્વારા ૨૬ ટીબીના દર્દીઓને વિનામુલ્યે ન્યુટ્રિશન કીટ આપવામા આવી હતી તેમજ નગરપાલિકા પ્રમુખ અને ચેરમેન દ્વારા હવે પછી વધારાની નવી ૫૦ કીટ ન્યુટ્રિશન કીટ આપવા માટે જણાવ્યુ હતું.

આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ મયુરભાઈ દવે, ચેરમેન હેમલભાઈ વસોયા, ડો.મોહિતભાઈ બલદાણીયા, ધવલભાઈ વાણિયા, શિરીષભાઈ રાજયગુરૂ, રાજુભાઈ રાઠોડ તેમજ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા જે ડો.મોહિત બલદાણીયાની યાદીમા જણાવેલ છે.

### સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ

## જાફરાબાદ : વઢેરા ગામનો યુવક સીઆઈએસએફ ટ્રેનીંગ પુર્ણ કરી પરત ફર્યો

### સમસ્ત ગામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત



જાફરાબાદ, તા.૨૭

જાફરાબાદ તાલુકાના વઢેરા ગામના વીર સપૂત દિનેશભાઈ નારણભાઈ જોગડીયા પેરા મિલેટ્રી ફોર્સ સી.આઈ.એસ.એફ. ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતન પરત ફરતા ભવ્ય સામૈયા સાથે સમગ્ર ગ્રામજનો તથા આજુબાજુના ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું ગામનું ગૌરવ વધારતા ગામજનો દ્વારા રાષ્ટ્રધ્વજ લઈને આવકાર્યા હતા. દિનેશભાઈ સફળતાપૂર્વક ટ્રેનિંગ પૂર્ણ કરી આવતા જાફરાબાદથી વઢેરા સુધી રેલી કાઢી વઢેરા ગામે સ્વાગત કરાયું હતું. ગામના રસ્તાઓ, શેરીઓ રાષ્ટ્રધ્વજથી શોભી ઉઠી હતી. અને ફૂલોનો વરસાદ કરી વઢેરા ગામ ભારત માતાકી જય, વંદે માતરમના નારાથી ગુંજી ઉઠયું હતું આ તકે ગામના વડીલો દ્વારા જણાવવામાં આવ્યું કે ગામના યુવાનો ભાઈઓ અને બહેનો શિક્ષણ ઉપર ભાર મૂકે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી આર્મી, પોલીસ, બીએસએફ, તલાટી, જેવી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈ ગામનું નામ રોશન કરવું જોઈએ એજ દેશ સેવા છે. આ ટ્રેનિંગ પૂર્ણ કરી આવેલ યુવાનના સામૈયા અને સ્વાગત રેલીમાં ગ્રામજનો અને સર્વ સમાજના લોકો દ્વારા અરબી ગુલાબની છોળો અને પુષ્પવર્ષા કરવામાં આવી હતી સમગ્ર ગામ પોતાનો પ્રસંગ હોય તેમ સ્વાગતમાં જોડાયા અને વંદેમાતરમ અને ભારતમાતા કી જય ના નારા લગાવ્યા હતા સગા સંબંધીઓ દ્વારા ફુલહાર, શાલ, દ્વારા સન્માન કર્યું હતું આ યોજન બદલ સમસ્ત ગામના ગ્રામજનો નો વીર જવાને આભાર વ્યકત કર્યો હતો.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

## લાઠીના કેરાળા ગામે રૂપિયા ૪૪ લાખનાં ખર્ચે પુરસંરક્ષણ દીવાલ બનશે

### ખેતીની જમીન અને પશુધનની સુરક્ષા વધશે

લાઠી, તા.૨૭

લાઠીના તાલુકાના કેરાળા ગામના વિકાસ તરફ વધુ એક મોટું પગલું. લાઠીના તાલુકાના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેનારા ધારાસભ્ય જનક તળાવીયાએ કેરાળા ગામના વર્ષો જૂના અને અત્યંત ગંભીર એવા પૂરના પ્રશ્નને કાયમી રીતે ઉકેલવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય સાથે આગળ આવ્યા છે.ગામના ભૂગોળીય સ્થિતિ સ્થાપકતા, નદીની નજીક સ્થિત વિસ્તાર અને વરસાદી સિઝનમાં થતા પ્રચંડ પાણીના પ્રવાહને ધ્યાનમાં રાખીને,ગામની સુરક્ષા માટે રૂા.૪૪ લાખના ખર્ચે ભવ્ય પુર સંરક્ષણ દિવાલના નિર્માણને સૈદ્ધાંતિક મંજૂરી જાહેર કરવામાં આવી છે.આ નિર્ણય માત્ર એક સરકારી મંજૂરી નથી, પરંતુ કેરાળા ગામના લોકોને મળતી એક મોટી વિશ્વાસની ભેટ છે, જે ગામના ભાવિ વિકાસનું પાયાનું પથ્થર સાબિત થશે.રૂા.૪૪ લાખના બજેટ હેઠળ મજબૂત આર.સી.સી. સ્ટ્રકચરની દિવાલનું નિર્માણ, વરસાદી સિઝનમાં પાણીની દિશા બદલીને ગામને સુરક્ષિત કરવાની વ્યવસ્થા, નદી અને નાળાના વધતા પાણીના પ્રવાહને નિયંત્રિત રાખવા માટે તકનીકી રીતે મજબૂત ડિઝાઈન, ગ્રામ્ય વિસ્તારોની વસ્તી, ખેતીની જમીન અને પશુધનની સુરક્ષા માટે વિશેષ આયોજન, ભાવિમાં નદી કાંઠે વધુ વિકાસકારી પ્રોજેકટને સરળ અને સુરક્ષિત બનાવવાનું માર્ગદર્શન કેરાળા ગામના લોકોની આ લાંબા સમયથી બાકી રહેલી માંગને એક મજબૂત અને કાયમી ઉકેલ મળ્યો છે.ધારાસભ્યનું પ્રેરણાદાયી નિવેદન ધારાસભ્યએ જણાવ્યું કે : કેરાળા ગામ મારા હૃદયને નજીક છે. અહીંના લોકો વર્ષોથી પૂરની સમસ્યામાંથી ત્રાસ અનુભવી રહ્યા હતા. આજે આ દિવાલના નિર્માણને સૈદ્ધાંતિક મંજૂરી આપાવતાં આનંદ છે કે હવે ગામ વધુ સુરક્ષિત બનશે.લોકોની સલામતી અમારી પ્રથમ પ્રાથમિકતા છે. ભવિષ્યમાં આવા વધુ વિકાસકારી કામો પણ પ્રાથમિકતા પરથી હાથ ધરવામાં આવશે. ધારાસભ્યના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે આ માત્ર એક પ્રોજેકટ નથી,પરંતુ સુરક્ષા અને વિકાસ બંનેનો વાયદો છે.કેરાળા ગામના રહીશો, ખેડુતો તથા અન્ય સ્થાનિક નાગરિકોમાં આનંદનો માહોલ છવાઈ ગયો છે.ગામના વડીલો તથા યુવાનો બંનેએ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો છે.આ મંજૂરી સાથે કેરાળા ગામના વિકાસનો એક નવો અધ્યાય શરૂ થયો છે. આ કાર્ય પૂર્ણ થવાથી ગામને કુદરતી આફતો સામે મજબુત રક્ષણ મળશે અને વિકાસની દિશામાં આગળ વધવા માટે વધુ મજબૂત પાયો મળશે.

### યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા

## પારનેરા ડુંગર વલસાડ આરોહણ અવહોરણ સ્પર્ધા ભાગ લેવાની તક

### તા.૧૦ ડિસેમ્બર સુધીમાં પ્રવેશ ફોર્મ જમા કરાવવું

અમરેલી, તા. ૨૭

કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરના દ્વારા રાજયકક્ષાના પારનેરા ડુંગર વલસાડ આરોહણ-અવહોરણ સ્પર્ધા (સિનિયર વિભાગ ૧૯ થી ૩૫ વર્ષ) ડિસેમ્બર માસના ચોથા અઠવાડિયા અથવા જાન્યુઆરી માસના પ્રથમ અઠવાડિયામાં યોજનાર છે.આ સ્પર્ધામાં અમરેલી જિલ્લા ખાતેના શૈક્ષણિક તેમજ વિવિધ મંડળોમાંથી સ્પર્ધકો ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ તા.૧૦/૧૨/૨૫ સુધીમાં પ્રવેશ ફોર્મ મેળવી સરદાર પટેલ રમત સંકુલ, ગોળ દવાખાનાની બાજુમાં ચિતલ રોડ, અમરેલી ખાતે સ્થળ પર રૂબરૂ પહોંચતા કરવાના રહેશે. સ્પર્ધકોને સ્પર્ધામાં સ્વ ખર્ચે આવવાનું રહેશે. પ્રવાસ ખર્ચમળવાપત્ર નથી. વધુ જાણકારી માટે નં.૦૨૭૯૨-૨૯૯૦૬૧ પર સંપર્ક કરવો, તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

### આશરે ૧૦૦ જેટલા ખેડૂતો ઉત્સાહભેર સહભાગી થયા

## ધારીના દુધાળા ગામે પ્રાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ

### પ્રાકૃતિક કૃષિના જુદા જુદા આયામો અને મહત્વથી અવગત થતા ખેડૂતો


તસ્વીર : નુરૂદીન ચાવડા-ધારી

અમરેલી, તા. ૨૭

આત્મા પ્રોજેક્ટ અને નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ - એન.એમ.એન.એફ. અંતર્ગત અમરેલીના ધારી તાલુકાના દુધાળા ગામે પ્રાકૃતિક કૃષિની સફળતાપૂર્વક તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં આશરે ૧૦૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર સહભાગી થયા હતા.

આ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સંબંધિત વિવિધ ટેકનિક, પદ્ધતિઓ તથા તેના લાભોની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કેવી રીતે પ્રવર્તમાન સમયમાં સૌથી જરૂરી, ખર્ચ બચતકારક અને પર્યાવરણ માટે હિતાવહ પદ્ધતિ છે, તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.આ પ્રસંગે પ્રોજેક્ટ ડાયરેક્ટર મહેશ જીડ ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે પ્રાકૃતિક ખેતીના મહત્વ અંગે પ્રેરક સંબોધન કર્યું હતું અને ખેડૂતોને વધુ પ્રમાણમાં પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. એ.ટી.એમ.એ - અમરેલી દ્વારા આયોજિત આ તાલીમ કાર્યક્રમનો હેતુ જીલ્લામાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ વધારી વધુ ખેડૂતોને આ દિશામાં પ્રેરિત કરવાનો હતો

# સાવરકુંડલા : ભાજપ પાર્ટીના અનુસૂચિત જાતિ મોરચા દ્વારા સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી






સાવરકુંડલા શહેરમાં પણ ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જનજાતિ મોરચો દ્વારા સંવિધાન ગેરવ ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે અહીં રિધ્ધિ સિધ્ધિ ચોક ખાતે આવેલ ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને અંજલિ અર્પણ કરીને બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવેલ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા થી ૨૦૧૫ થી પ્રતિ વર્ષ ૨૬ મી નવેમ્બરે સંવિધાન દિવસ તરીકે ઉજવવાની પરંપરાનો પ્રારંભ થયેલો જેના અનુસંધાને ''૨૬ નવેમ્બર રાષ્ટ્રીય બંધારણીય દિવસ''ની સાવરકુંડલા શહેરમાં સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી.આ પ્રસંગે ડો.બાબા સાહેબ આંબેડકરના જીવન પ્રસંગોનું સ્મરણ કરવામાં આવેલ તેમજ ડો.બાબા સાહેબની પ્રતિમાને પુષ્પગુંચ્છ તેમજ ફલોનો હાર અર્પણ કરતા કાર્યકરોમાં ઉત્સાહ.

હવે આપના અમરેલીમાં એમ.ડી.મેડીસીન ડોક્ટર નિયમિત મળશે.
હૃદયના એટેકની સારવાર • તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન).વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સાવરવાર ઉપલબ્ધ. • ક્રીટીકલ અને આઈ.સી.યુ.ના દર્દીની સારવાર • બધા પ્રકારના વા ની સારવાર • બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર • ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર. • ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર • પેટના રોગો, ઝાડા, ઉલટી, કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી, અનિંદ્રા, બેચેની, ચક્કર, શરીરની નબળાઈ (Weakness) ખાલી ચડવી. • નસના દુઃખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર. • પેરાલીસીસ (લકવો)નું નિદાન અને સારવાર તથા ખેંચની સારવાર ઉપલબ્ધ. કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો, સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
ફિઝિશિયન વિભાગ
હૃદયના રોગો | ફેફસાંના રોગો | ડાયાબિટીસ | પેરાલિસિસ | ઝેરી દવાઓ (પોઈઝન)
સોમવાર થી શનિવાર, સમય : સવારે ૦૯:૩૦ થી ૦૨,સાંજે ૦૫ થી ૦૮



ડો. વિજય મકવાણા
(M.B.B.S., M.D.Medicine)
Consultant Physicin & Cardio-Diabetcologist
Critical Care & ICU Specialist
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ) એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## શાકભાજી, ફ્રૂટની રેંકડિઓ તેમજ ખાણી-પીણીનાં સ્ટોલ જાહેર માર્ગ ઉપર

# અમરેલીનાં જુના માર્કેટયાર્ડ માર્ગ ઉપર ટ્રાફિક સમસ્યા બની વિકરાળ

શહેરનાં વાહનચાલકોને આ માર્ગ ઉપરથી પસાર થવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે

શાક-પુરીનાં સ્ટોલમાં ફૂડની કોઈ ગુણવત્તા છે કે નહી તે જોવાનો ફૂડ વિભાગને સમય નથી

કોઈ રોજગારી મેળવે તેમની સાથે વાંધો ન હોય પણ કોઈને મુશ્કેલી પડે તે રીતે રોજગાર મેળવવો યોગ્ય નથી

ટ્રાફિક અને પાલિકાની દબાણ હટાવ શાખા આળશ ખંખેરી સમસ્યા દૂર કરે



અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરમાં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ બની રહી હોવા છતાં પાલિકા કે ટ્રાફિક વિભાગ ધ્વારા નકકર કોઈ કાર્યવાહી જ કરવામાં આવતી નથી.

શહેરનાં જુના માર્કેટયાર્ડ ઉપરથી શહેરીજનોને ફોર વ્હીલર તો દૂર ટુ વ્હીલર લઈને પસાર થવામાં ધોળે દિ'એ તારા દેખાઈ જાય તેટલી ગંભીર રીતે ટ્રાફિક સમસ્યા જોવા મળી રહી છે. માર્કેટયાર્ડનાં દરવાજાથી લઈને રેડ કોર્નર ટોકિઝ સુધી જયાં ત્યાં આડેધડ વાહનોનું પાર્કિંગ, રેંકડિઓ અને શાક-પુરીનાં સ્ટોલ કતારબંધ જોવા મળી રહ્યા છે.


ખાણી-પીણીનાં સ્ટોલધારકોને ત્યાં આવતાં વાહનચાલકો માર્ગ ઉપર વાહન પાર્ક કરીને પેટપુજા કરતાં જોવા મળી રહ્યા છે. ટ્રાફિક વિભાગનાં કર્મચારીઓ કાં તો હોય નહી અને હોય તો મોબાઈલમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે.

શહેરમાં પોસ્ટ ઓફિસ, લાયબ્રેરી, રામજી મંદિર, નાગનાથ મંદિર, ખાદીભવન, બસ સ્ટેન્ડ, શાકમાર્કેટ સહિતનાં અનેક વિસ્તારોમાં આડેધડ વાહનો, રેંકડિઓ જોવા મળી રહી છે. કોઈ વ્યકિત રોજગારી મેળવે તેમની સામે વાંધો ન હોય શકે પણ અન્યને નડતરરૂપ બનીને રોજગારી મેળવવી એ અયોગ્ય હોય પોલીસ અધિક્ષક અને ચીફ ઓફિસર નિરીક્ષણ કરી સમસ્યાનું સમાધાન કરે તેવી માંગ ઉભી થઈ છે.

### એસ.ટી. વિભાગની વ્યાપક અનિયમિતતા

## બાબરા : સાવરકુંડલા-રાજકોટ અને ગારિયાધાર-રાજકોટ રૂટની બસ બંધ

ગ્રામ્ય વિસ્તારના મુસાફરોમાં નારાજગી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા.૨૭

બાબરા તાલુકામાં એસ.ટી.વિભાગ દ્વારા લગભગ અન્યાય કરવામાં આવે છે,શહેરમાંથી લાંબી રૂટની બસ બંધ કરવામાં આવી છે અથવા તો વાયા લાઠી થઈને ચાલે છે જેના કારણે બાબરાના વેપારીઓને મુસાફરોને વહેલી સવારે અથવા તો મોડી રાતે ચાંવડ ઉતરવાની ફરજ પડે છે બાબરા શહેર કે તાલુકાની જનતાને સંતોષ મળે તેવા એકપણ એસ.ટી.રૂટ

અનુસંધાન પાના ૬ ઉપર

### ખુશાલદાસ વસાણી અને ગોકળદાસ દશાણી પરિવારનાં સહયોગથી

## અરે વાહ : અમરેલીની લોહાણા મહાજન વાડીમાં દાતાઓનાં સહયોગથી સોલાર પેનલ લગાવવામાં આવી

મહાજન પ્રમુખ ડો. કાનાબાર અને દાતા પરિવાર દ્વારા થયુ લોકાર્પણ



અમરેલી, તા. ૨૭

અમરેલીમાં આવેલ લોહાણા મહાજન વાડી ખાતે ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા અને રઘુવંશી સમાજને એનર્જી પુરી પાડવા માટે થઈ અમરેલીના વતની એવા બે દાતા પરિવારના આર્થિક સહયોગ વડે સોલાર પેનલ લગાડવા માટેનો પ્રોજેક્ટ પુરો થતાં દાતા પરિવાર તથા અમરેલી લોહાણા મહાજનના આગેવાનોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

અમરેલી નિવાસી ખુશાલદાસ દુર્લભજીભાઈ વસાણી તથા ગોકળદાસ હરિલાલ દશાણી પરિવાર દ્વારા અમરેલી લોહાણા મહાજન પ્રમુખ ડો. ભરત કાનાબાર તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### સામાન્ય બોલાચાલીનો મામલો પોલીસ સુધી પહોંચ્યો

## અમરેલીમાં પંચવટી ફાર્મ નજીક પાનની કેબિન કેમ ખોલે છે તેમ કહી બઘડાટી

પોલીસે બંન્ને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી તા.

અમરેલી તાલુકાના ભુતીયા ગામે રહેતા અશોકભાઈ જેઠવા ગત તા.૨૬ ના સવારના આશરે સાડા અગ્યારેક વાગ્યે અમરેલી તાલુકાના નવાગીરીયા વેલનાથ મંદિર પાસે રહેતા રજનીભાઈ દિનેશભાઈ કડેવાળની અમરેલી ગામે ચિત્તલ રોડ ઉપર આવેલ પંચવટી ફાર્મની બાજુમાં પાનની કેબીને

અનુસંધાન પાના ૬ ઉપર

શિક્ષક/શિક્ષિકા જરૂર છે.
ધોરણ - ૫ અને ધોરણ - ૬ માં અભ્યાસ કરતા મીડિયમ ગુજરાતીના બાળકને ઘરે આવી ટ્યુશન કરાવી શકે, તેવા શિક્ષકભાઈ કે શિક્ષિકાબેન નીચેના સરનામે સંપર્ક કરશો.
સુખનાથ પરા - અમરેલી - મો. 98981 36077

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,14,000/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૭/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫




શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)